પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૧૫૭ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૪-૦૨-૨૦૨૩ શુક્રવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## કોંગ્રેસ નેતા પવન ખેડાને દિલ્હી ફ્લાઈટમાંથી ઉતારી દેવાયા

# ગઈકાલે રાત્રે આસામમાં કેસ, આજે એરપોર્ટથી ધરપકડ થઈ, રાયપુર અધિવેશનમાં જઈ રહ્યા હતા



રાયપુર,

રાયપુરમાં કોંગ્રેસ અધિવેશનમાં જઈ રહેલા કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા પવન ખેડાની આસામ પોલીસે ધરપકડ કરી છે. એક દિવસ પહેલા જ આસામ પોલીસે તેમની સામે રાષ્ટ્રીય સુરક્ષા બાબતે કેસ નોંધ્યો હતો. જણાવીએ કે હાલમાં જ કોંગ્રેસ નેતા પવન ખેડાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ ટિપ્પણી કરી હતી. આ અંગે ભાજપે તેમની સામે ફરિયાદ નોંધાવી છે.જો કે આસામ પોલીસને ઝટકો મળ્યો છે.હાઈવોલ્ટેજ ડ્રામા બાદ ગણતરીના કલાકોમાં તેમને સુપ્રીમ કોર્ટમાંથી જામીન મળી ગયા હતાં જો કે ખેડાએ રેગ્યુલર બેલ માટે અરજી આપવી પડશે કોંગ્રેસે કોર્ટમાં ખેડા વિરૂધ્ધ દાખલ થયેલી એફઆઈઆર રદ કરવાની પણ માંગણી કરી હતી જો કે કોર્ટે એફઆઈઆર રદ કરવાનો આદેશ આપવાની નામ પાડી દીધી.

આ પહેલા દિલ્હી પોલીસે ગુરુવારે સવારે ખેડાને ફ્લાઈટમાંથી ઉતારી દીધા હતા. ખેડા રાયપુરમાં શુક્રવારથી શરૂ થઈ રહેલા કોંગ્રેસના અધિવેશનમાં ભાગ લેવા જઈ રહ્યા હતા. તેમની સાથે વિમાનમાં સવાર કોંગ્રેસના અન્ય નેતાઓ રણદીપ સુરજેવાલા તથા કે.સી.વેણુગોપાલન પણ ફ્લાઈટમાંથી ઉતરી ગયા હતા ફ્લાઈટમાંથી ઉતારી દેવાતા રનવે પર જબરો બખેડો સર્જી દેવાયો હતો તથા આક્ષેપ કર્યો કે આ તાનાશાહી જેવી સ્થિતિ બની છે. કોંગ્રેસના નેતા પવન ખેડાને દિલ્હીની ફ્લાઈટમાંથી જ ઉતારાતા કોંગ્રેસના અનેક નેતાઓએ રનવે પર વિમાનની બાજુમાં જ ધરણા પ્રદર્શન શરુ કરી દીધા હતા.

દિલ્હી પોલીસે જણાવ્યું હતું કે આસામ પોલીસની સૂચના મુજબ તેમને પવન ખેડાને અટકાવ્યા હતાં. આ કાર્યવાહીના વિરોધમાં ફ્લાઈટમાં હાજર કોંગ્રેસના અન્ય નેતાઓએ ભાજપ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા અને વિમાનમાંથી ઉતરી ગયા હતા. ઈન્ડિગોના વિમાનમાં હાજર એક મુસાફરે આ ઘટના વિશે જણાવ્યું. ખેડા રાયપુર જવા માટે વિમાનમાં બેઠા હતા. જે બાદ સ્ટાફે તેમને કહ્યું કે તેમની સામે ડીસીબીની નોટિસ છે. હઝરતગંજ પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યાની પણ વાત જણાવવામાં આવી હતી. આ પછી તેમને કહેવામાં આવ્યું કે તમે ફ્લાઈટમાં જઈ શકશો નહીં. પવન ખેડા સાથે હાજર તમામ કોંગ્રેસીઓને પણ પ્લેનમાંથી ઉતારી દેવામાં આવ્યા હતા. આ કાર્યવાહી પર કોંગ્રેસના નેતાઓએ ફ્લાઈટમાં જ ભાજપ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. કોંગ્રેસ પાર્ટીનું ૭૫મું અધિવેશન ૨૪ થી ૨૬ ફેબ્રુઆરી સુધી છત્તીસગઢના રાયપુરમાં યોજાવાનું છે. તેમાં એ નેતાઓ ભાગ લેવા જઈ રહ્યા હતા.

કોંગ્રેસ નેતા સુપ્રિયા શ્રીનેતે કહ્યું કે, પવન ખેડા પર આ કાર્યવાહી કઈ કલમ હેઠળ કરવામાં આવી છે. તેઓ સામાન્ય નાગરિકની જેમ કેમ ઊડી શકતા નથી. ભાજપ અમારા અધિવેશનથી ડરેલો છે. પહેલા ઈઙ્ઘ મોકલી અને હવે આવું કર્યું. જો તમે ખોટું કર્યું છે તો તમે કેમ છુપાવો છો, પગલાં લો. કારણ માત્ર એટલું જ છે કે સરમુખત્યાર ડરે છે. જ્યાં સુધી પવન ખેડા નહીં આવે ત્યાં સુધી અમે ફ્લાઈટને ટેકઓફ નહીં થવા દઈએ. રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગહલોતે પવન ખેડાને વિમાનમાંથી નીચે ઉતારવાની ટીકા કરી તેમણે ટ્વીટ કર્યું કે પવન ખેડાને આસામ પોલીસે ફ્લાઈટમાંથી નીચે ઉતારી દીધા એવી તે કંઈ ઈમરજન્સી હતી કે આસામ પોલીસે દિલ્હી આવીને આ કૃત્ય કર્યું પહેલા રાયપુરમાં ઈડીના દરોડા અને હવે આવુ કૃત્યુ ભાજપની બોખલાહટ દર્શાવે છે એ યાદ રહે કે ૨૦ ફેબ્રુઆરીના રોજ લખનૌ મહાનગર ભાજપના અધ્યક્ષ મુકેશ શર્માએ પવન ખેડા વિરુદ્ધ કેસ દાખલ કર્યો હતો. તેમણે કહ્યું કે ખેડાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પિતા વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણી કરી હતી. બીજેપી નેતાએ કહ્યું, "પવન ખેડાએ પોતાના નિવેદનમાં કહ્યું હતું કે મોદીનું નામ નરેન્દ્ર દામોદરદાસ મોદી છે, પરંતુ તેમનું કામ નરેન્દ્ર ગૌતમદાસ મોદી જેવું છે."

છત્તીસગઢમાં, ૨૦ ફેબ્રુઆરીની સવારે, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ કોંગ્રેસના ૬ નેતાઓના સ્થાનો પર દરોડા પાડ્યા હતા. આમાં ધારાસભ્યો અને પાર્ટીના અધિકારીઓ સામેલ હતા. કોલસા વસૂલાત કૌભાંડમાં એજન્સીએ કાર્યવાહી કરી હતી. રાયપુરમાં કોંગ્રેસના અધિવેશનના ૪ દિવસ પહેલાં દરોડા પાડવામાં આવ્યા હતા. કોંગ્રેસે કહ્યું કે આ કાર્યવાહી અધિવેશનને ડિસ્ટર્બ કરવા માટે છે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ આ કાર્યવાહી પર કહ્યું હતું કે, છેલ્લા ૯ વર્ષમાં ઈડી દ્વારા પાડવામાં આવેલા દરોડામાંથી ૯૫% વિપક્ષના નેતાઓ વિરુદ્ધ છે અને મોટા ભાગના કોંગ્રેસના નેતાઓ વિરુદ્ધ છે.

# વીજળી, પાણી, શિક્ષણ, કૃષિ અને સ્વાસ્થ્ય - આ પંચશક્તિ સરકારની અગ્રતા : રાજયપાલ

ગાંધીનગર,

રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના સંબોધન સાથે આજે ૧૫મી ગુજરાત વિધાનસભાના અંદાજપત્ર સત્રનો શુભારંભ થયો હતો. રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, મારી સરકાર હંમેશા ગુજરાતના નાગરિકોની ઉન્નતિ, સશક્તિકરણ અને પ્રગતિ માટે પ્રતિબધ્ધ છે. વીજળી, પાણી, શિક્ષણ, કૃષિ અને સ્વાસ્થ્ય; એ પંચશક્તિ મારી સરકારની અગ્રતા છે. ગુજરાતમાં છેલ્લા બે દાયકા પ્રાયોરિટી, પોલીસી અને પર્ફોર્મન્સના રહ્યા છે. છેલ્લા નવ વર્ષોથી ગુજરાતને 'ડબલ એન્જિન સરકાર'ના લાભો મળી રહ્યા છે. માનવ વિકાસ અને જનકલ્યાણના તમામ આયામોમાં ગુજરાત અન્ય રાજ્યો માટે આદર્શ- પથપ્રદર્શક રહ્યું છે. એક પણ ક્ષેત્ર એવું નથી જેમાં ગુજરાતે નવા શિખરો સર ન કર્યા હોય, નવી સિદ્ધિ હાંસલ ન કરી હોય અને એટલે જ આજે ગુજરાત સમગ્ર દેશ માટે મોડેલ સ્ટેટ બન્યું છે.

સૌપ્રથમ સત્યના સાધક પૂજ્ય મહાત્મા ગાંધીજી, અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલ, મુક સેવક પૂજ્ય શ્રી રવિશંકર મહારાજ અને ગુજરાતના સપૂત શ્રી ઈન્દુલાલ યાજ્ઞિક સહિત સૌ સ્વાતંત્ર સેનાનીઓને શ્રદ્ધાપૂર્વક વંદન કરતાં રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, ગુજરાત એટલે ગરબા, વ્યાપાર, સ્વાદ, સાહસ અને સંસ્કાર. શૂરવીરો અને સાહિત્યકારોની ભૂમિ એટલે ગરવી ગુજરાત. કોરોના જેવી મહામારી હોય કે કુદરતી હોનારતો, મારા ગુજરાતી બાંધવોએ અડગ રહીને આફતોનો સામનો કરતાં કરતાં વિકાસની ગતિમાં અવરોધ નથી આવવા દીધો. રાજ્ય સરકારના પંચામૃત વિકાસ કાર્યોમાં ગુજરાતના નાગરિકોએ હંમેશા સમર્થન આપ્યું છે.

રાજયપાલે ગણતંત્ર દિવસે નવી દિલ્હીમાં આયોજિત પ્રજાસત્તાક દિવસની પરેડમાં ગુજરાત સરકારના ક્લીન-ગ્રીન એનર્જીયુક્ત ગુજરાતની થીમ પર આધારિત ટેબ્લોને પ્રથમ ક્રમ મળ્યો તે બદલ ગૌરવની લાગણી અનુભવી હતી. ગુજરાતે ત્રણ મહિનામાં રાષ્ટ્રીય ખેલ મહોત્સવનું આયોજન કરીને ભારતે હવે ઓલિમ્પિક રમતોનું આયોજન કરવાની ક્ષમતાનું પણ પ્રમાણ આપી દીધું છે એમ કહ્યું હતું.રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, શક્તિશાળી, સમૃદ્ધ અને સુરક્ષિત ગુજરાત ભારતનું આદર્શ રાજ્ય છે. ગુજરાતનો સર્વાંગી વિકાસ સૂર્ય સરીખો દૈદિપ્યમાન છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આપણે ગુજરાતની વિકાસયાત્રાને ઓર તેજ ગતિથી આગળ ધપાવવાની છે. આત્મનિર્ભર અને વિકસિત ગુજરાતના નિર્માણથી આત્મનિર્ભર અને વિકસિત ભારતના નિર્માણ માટે યોગદાન આપવાનું છે. ગુજરાત આજે દેશનું ગ્રોથ એન્જિન છે, એને વધુ મજબૂત બનાવવાની જવાબદારી આપ સૌના શીરે છે. તેમણે વિધાનસભાના સૌ સભ્યોને પોતાના સાર્વજનિક જીવનના અનુભવ અને લોકોની અપેક્ષાઓને ધ્યાનમાં રાખીને જન પ્રતિનિધિ તરીકે સર્વશ્રેષ્ઠ યોગદાન આપવાની અપીલ કરી હતી.

# અમીરોની યાદીમાં ગૌતમ અદાણી ૨૯મા નંબરે સરકી ગયા, મુકેશ અંબાણી પણ ૧૨મા સ્થાને



મુંબઈ,

અદાણી ગ્રુપ્ર ચેરમેન ગૌતમ અદાણી અને મુકેશ અંબાણી બંને વિશ્વના અમીરોની યાદીમાં નીચે સરકી રહ્યા છે. ગૌતમ અદાણી હવે આ લિસ્ટમાં સીધા નીચે ૨૯માં નંબર પર આવી ગયા છે. જ્યારે મુકેશ અંબાણી હવે ૧૨મા નંબર પર પહોંચી ગયા છે. બંનેની નેટવર્થમાં ઘટાડો થયો છે. આમાં ગૌતમ અદાણીને સૌથી વધુ નુકસાન થયું છે. ગૌતમ અદાણીની નેટવર્થ સતત ઘટી રહી છે. અમેરિકન રિસર્ચ ફર્મના રિપોર્ટ બાદથી ગૌતમ અદાણી સતત રોલ ડાઉન કરી રહ્યા છે. અદાણી ગ્રુપ્રા શેરમાં પણ સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. ગૌતમ અદાણીની નેટવર્થમાં જોરદાર ઉછાળો આવ્યો હતો. આ દરમિયાન તેમની કુલ સંપત્તિ ૧૫૦ બિલિયન ડોલરની નજીક પહોંચી ગઈ હતી અને તે વિશ્વના અમીરોની યાદીમાં બીજા નંબર પર પહોંચી ગયો હતો. આ સ્થાન હાંસલ કરનાર તેઓ એશિયાના પ્રથમ વ્યક્તિ હતા, પરંતુ આ વર્ષે અદાણીની નેટવર્થમાં ભારે ઘટાડો નોંધાયો છે. યુએસ શોર્ટ સેલિંગ કંપ્રી હિંડનબર્ગ રિસર્ચએ ૨૪ જાન્યુઆરીના રોજ અદાણી ગ્રૂપ સામે નકારાત્મક અહેવાલ જારી કર્યો હતો. ત્યારથી ગ્રૂપ્રા શેરમાં ભારે ઘટાડો જોવા મળ્યો છે.

બ્લૂમબર્ગ બિલિયોનેર ઈન્ડેક્સ અનુસાર, ગૌતમ અદાણીની કુલ સંપત્તિ હવે ૪૨.૭ બિલિયન છે. આ સાથે તે બ્લૂમબર્ગ બિલિયોનેર ઈન્ડેક્સમાં ૨૯માં નંબર પર પહોંચી ગયો છે. મુકેશ અંબાણીની સરખામણીમાં ગૌતમ અદાણીએ ૧૪ ગણી સંપત્તિ ગુમાવી છે. આ વર્ષે અત્યાર સુધી સંપત્તિના નુકસાનની બાબતમાં બંને અબજોપતિઓ પ્રથમ અને બીજા નંબરે ચાલી રહ્યા છે. બુધવારે અદાણી ગ્રુપ્રા શેરમાં ભારે ઘટાડો જોવા મળ્યો હતો. આ કારણોસર ગૌતમ અદાણીની નેટવર્થમાં ૩.૩૯ બિલિયનનો ઘટાડો થયો છે. ભારતીય શેરબજારમાં બુધવારે પણ ઘટાડો જોવા મળ્યો હતો. સેન્સેક્સ ૯૨૭ પોઈન્ટ તૂટ્યો હતો. નિફ્ટીએ પણ ડાઈવ લીધી હતી. આનાથી અદાણી ગ્રૂપ્રા શેરમાં થયેલા નુકસાનમાં વધારો થયો જે પહેલાથી જ ઘટી રહ્યો હતો. અદાણી ગ્રુપ્રા શેરમાં ભારે ઘટાડો થયો હતો. તમામ ૧૦ શેરો નુકસાન સાથે લાલ નિશાનમાં બંધ થયા છે.

બજારના ઘટાડાથી મુકેશ અંબાણી પર પણ ભારે અસર પડી છે. જેના કારણે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરને પણ ઘણું નુકસાન થયું છે. આઈઆરએલનો શેર ૨.૩૫ ટકાના ઘટાડા સાથે રૂ. ૨૩૭૭ પર બંધ રહ્યો હતો. આ કારણે મુકેશ અંબાણીની નેટવર્થમાં પણ ઘટાડો થયો છે. આ દરમિયાન મુકેશ અંબાણીએ ૧.૯૬ બિલિયનની નેટવર્થ ગુમાવી છે. બ્લૂમબર્ગ બિલિયોનેર ઈન્ડેક્સમાં અંબાણી હવે ૧૨માં નંબરે આવી ગયા છે. અગાઉ તે ૧૧માં નંબર પર હતો. મુકેશ અંબાણીએ અત્યાર સુધીમાં ૫.૬૫ બિલિયનની નેટવર્થ ગુમાવી છે. હવે મુકેશ અંબાણી પાસે ૮૧.૫ બિલિયનની સંપત્તિ છે. આ મુજબ મુકેશ અંબાણીની પાસે ગૌતમ અદાણીની સરખામણીમાં બમણી સંપત્તિ છે.

# ગુજરાત બજેટ સત્રઃ પેપરલીક મામલે આજે હર્ષ સંઘવીએ ગૃહમાં રજૂ કર્યું બિલ



ગાંધીનગર,

૧૫મી ગુજરાત વિધાનસભાનું પ્રથમ બજેટ સત્ર શરૂ થયુ છે. સૌપ્રથમ શરુઆતમાં દિવંગતોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. ત્યારબાદ પેપરલીક વિરોધી બિલને રાજ્ય સરકાર સર્વાનુમતે પસાર કરવાનો પ્રયાસ કરી રહી છે. આ બાબતે વિધાનસભા અધ્યક્ષ દ્વારા એવી પણ ટકોર કરવામાં આવી હતી કે, આ બિલ દ્વારા કાયદાનો સુધારો કેવી રીતે થાય એ મુદ્દે ચર્ચા કરવી હિતાવહ છે.

હર્ષ સંઘવીએ બિલની રજૂ કરતા કહ્યું હતું કે, પેપરલીક કરનારા માટે કોઈ કાયદો નથી તે કારણે પેપરલીક થઈ રહ્યા છે. આવા દુષણખોરો ને રોકવા માટે સરકાર કડક કાયદો લાવી રહી છે. આ કડક કાયદાનું પાલન કરવાની જવાબદારી અમારી છે. આ કાયદો એવી રીતે તૈયાર કરવો છે જેથી જો ૧૮૨ સભ્યોએ આવતીકાલે પ્રજા વચ્ચે જાય તો ગર્વ થી કહી શકે કે તેમણે આ કડક બિલ બનાવ્યું જેથી હવે પેપર ફૂટતા અટકી ગયા છે.

હર્ષ સંઘવીની ગૃહમાં બધાને અપીલ હતી કે, તમામ સભ્યોને આ બિલ આપવામાં આવ્યું છે જેને વાંચ્યા પછી જો બિલમાં ક્યાં ક્ષતિ કે ભુલ જણાય છે તો તરત જ ધ્યાન દોરો આપણે સાથે મળીને કડક કાયદો બનાવીશું. વધારેમાં તેમણે કહ્યું હતું કે, પેપર ફૂટવાથી માત્ર યુવાનોના સપના જ નથી તૂટતા પરંતુ એમના પરિવારનું પણ સપનું તૂટે છે. તેમજ હર્ષ સંઘવીએ પેપર ફોડનારાઓને ટકોર કરી હતી કે, પેપર નથી ફૂટતા પરતું માણસ ફૂટી રહ્યા છે.

સરકાર પેપરલીક મામલે કડક કાર્યવાહી કરવા માંગે છે. પેપર લીક જેવા કૌભાંડને લઈને સરકાર સામે સવાલો થઈ રહ્યાં છે. નવા કાયદામાં ભરતી પ્રક્રિયામાં સામેલ તમામ સરકારી અને બિનસરકારી સભ્યોની બેદરકારી બદલ કડક સજાની જોગવાઈ કરાઈ છે. જેમાં આરોપીઓ સામે ૧૦ વર્ષની કેદની જોગવાઈઓ સાથે ૧ કરોડ રૂપિયા સુધીના દંડની કડક જોગવાઈઓ સાથે નવો કાયદો વિધાનસભામાં પસાર થઈ શકે છે. સરકારે પરીક્ષામાં થતી ગેરરીતિઓ અટકાવવા માટે, સામાન્ય લોકોનો વિશ્વાસ કેળવવા અને ટકાવી રાખવા તેમજ જાહેર ભરતી પરીક્ષામાં બિન-વિવાદાસ્પદ વિશ્વસનીયતા સુનિશ્ચિત કરવા માટે આ કાયદો અમલમાં લાવવાની તૈયારીઓ કરી છે.

વિધાનસભા ગૃહમાં વિધેયક લાવવામાં આવશે. આ વિધેયકમાં એવી જોગવાઈ હશે જેમાં પેપર ફોડનારા આરોપીની મિલકત જપ્ત કરી નુકસાનની ભરપાઈ કરાશે. દોષિત પરીક્ષાર્થી ૨ વર્ષ સુધી પરીક્ષા નહીં આપી શકે. તે ઉપરાંત પેપર લીક કરનાર સામે બિન જામીનપાત્ર ગુનો દાખલ થશે.

# જ્ઞાનવાપી : એકસાથે તમામ કેસની સુનાવણી પર ચુકાદો અનામત, એકનો આદેશ આવશે

લખનૌ,

કાશી વિશ્વનાથ મંદિરની બાજુમાં આવેલ જ્ઞાનવાપી મસ્જિદ સંકુલનો કબજો ભગવાન આદિ વિશ્વેશ્વરને સોંપવા સહિતની તમામ બાબતોની સુનાવણી કોર્ટમાં હાથ ધરવા અંગેની અરજી પર બુધવારે જિલ્લા ન્યાયાધીશની કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. કેસ ટ્રાન્સફર અરજી પર સાતેય કેસના એડવોકેટોએ તેમની દલીલો રજૂ કરી હતી. શ્રૃંગારગૌરી એપિસોડના ચાર અરજદારો - લક્ષ્મી દેવી, સીતા સાહુ, મંજુ વ્યાસ અને રેખા પાઠકે કેસ ટ્રાન્સફર કરવા માટે અરજી આપી છે. એવું કહેવામાં આવ્યું છે કે જિલ્લા ન્યાયાધીશ વાદિની કિરણ સિંહ અને અન્યો વતી જ્ઞાનવાપીના સંબંધમાં દાખલ કેસને તેમની કોર્ટમાં ટ્રાન્સફર કરવામાં આવે અને સાથે મળીને સુનાવણી કરવામાં આવે.

અરજી સામે વાંધો ઉઠાવતા કિરણ સિંહના એડવોકેટે કહ્યું હતું કે ચારેય મહિલાઓ તે દાવામાં પક્ષકાર નથી જેમાં ટ્રાન્સફરની માંગ કરવામાં આવી છે. કાયદેસર રીતે પક્ષકાર ન હોવાના કિસ્સામાં, તેઓ કેસ ટ્રાન્સફર કરવા માટે હકદાર નથી. આથી તેની અરજી ફગાવી દેવાને પાત્ર છે. રાખી સિંહના એડવોકેટ શિવમ ગૌરે પણ આ અરજીનો વિરોધ કર્યો હતો. દલીલ કરી હતી કે તમામ અરજીઓમાં માંગણીઓ અલગ-અલગ છે તો એક સાથે સુનાવણી કેવી રીતે થશે. શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ વતી એડવોકેટ રમેશ ઉપાધ્યાયે પણ વિરોધમાં દલીલો કરી હતી. કહ્યું કે અમે જ્ઞાનવાપી કેમ્પસમાં મળેલા શિવલિંગની પૂજાની માંગણી કરી છે. આ માંગ અન્ય મુકદ્દમાઓ કરતા અલગ છે. અંજુમન ઈન્તેજામિયા મસ્જિદ કમિટી વતી એડવોકેટ રઈસ અહેમદ, વાદી પક્ષે એડવોકેટ સુધીર ત્રિપાઠી, સુભાસ્નંદન ચતુર્વેદી હાજર રહ્યા હતા.

# પોલીસ સ્ટેશનો, એજન્સીઓની ઓફિસોમાં CCTV લગાવવા 'સુપ્રીમ' આદેશ

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે કેન્દ્ર અને રાજ્ય સરકારોને પોલીસ સ્ટેશનો અને તપાસ એજન્સીઓની ઓફિસોમાં ફરજિયાતપણ સીસીટીવી કેમેરા લગાવવાના એના નિર્દેશોનું એક મહિનાની અંદર પાલન કરવામાં આવે. જસ્ટિસ બીઆર ગવઈની અધ્યક્ષતાવાલી બેન્ચે કેન્દ્ર અને રાજ્યોની સરકારોને ૨૯ માર્ચ સુધીમાં પોતાના આદેશ પર અમલ કરવા એફિડેવિટ દાખલ કરવા કહ્યુ હતું. એ સાથે એ પણ આદેશ કર્યો હતો કે આદેશનું પાલન ના કરવાની સ્થિતિ સંબંધિત અધિકારીઓની સામે જરૂરી કાર્યવાહી કરવા કોર્ટે કામગીરી કરવી પડશે. બેન્ચે ૨૧ ફેબ્રુઆરીએ કહ્યું હતું કે જો નિર્દેશોનું પાલન નહીં કરવામાં આવે તો અમે કેન્દ્રીય ગૃહ સચિવ અને સંબંધિત રાજ્યોના મુખ્ય સચિવો અને ગૃહ સચિવોની સામે જરૂરી પગલાં લેવા માટે મજબૂર થશે. ટોચની કોર્ટે ૨૦૨૦માં સીબીઆઇ ઈડી અને એનઆઈએ સહિત તપાસ એજન્સીઓની ઓફિસોમાં સીસીટીવી કેમેરા અને રેકોર્ડિંગ લગાવવાના નિર્દેશ આપ્યા હતા. આ એજન્સીઓ તપાસ કરે છે અને ધરપકડની શક્તિ રાખે છે. આ મામલે ન્યાય મિત્ર વરિષ્ઠ એડવોકેટ સિદ્ધાર્થ દવેએ કહ્યું હતું કે ૨૫ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોએ અત્યાર સુધી પહેલાંના નિર્દેશો અનુસાર અનુપાલન રિપોર્ટ દાખલ કરવાનો છે. કોર્ટે દેશભરનાં પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી કેમેરા લગાવવા માટે છ સપ્તાહનો સમય નિર્ધારિત કરવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટે રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને નિર્દેશ આપ્ય હતો કે પ્રત્યેક પોલીસ સ્ટેશનમાં બધા પ્રવેશ અને બહાર નીકળવાના માર્ગ પર, મુખ્ય દ્વાર, લોકઅપ, કોરિડોર, લોબી અને રિસેપ્શનની સાથે-સાથે લોકઅપ રૂમની બહાર સીસીટીવી કેમેરા લગાવવામાં આવે, જેથી કોઈ પણ ભાગ કેમેરાની નજરથી ના બચે.

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

બારીયા હસમુખભાઈ ચીમનભાઈ

તરફથી અભીનંદન....

મુ. સાલીયા, તા. દે.બારીઆ, જી. દાહોદ

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

રાઠવા જયંતીભાઈ મકનાભાઈ

તરફથી અભીનંદન....

મુ.બારી, તા.દે.બારીઆ, જી.દાહોદ

**ઓફલાઈન ટેન્ડરીંગ**

**નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**

**ટુંકી મુદતની જાહેર નિવિદા નં.'૨૦' સને ૨૦૨૨-૨૩**

**ગુજરાત સરકાર**

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના વતી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાનમ બંધ પેટા વિભાગ, પાનમ ડેમ કોલોની દ્વારા યોગ્ય શ્રેણીમાં નોંધણી ધરાવતા ઈજારદારો પાસેથી જુદા–જુદા ૨ (બે) કામો માટે ઓફલાઈન ટેન્ડર, બી–૧ ફોર્મમાં મંગાવવામાં આવે છે, જેની અંદાજીત રકમ રૂ.૨.૫૬ લાખથી ૨.૯૫ લાખ સુધીની છે. સદર કામના ટેન્ડરો ચાલુ કચેરી દરમ્યાન ઠેકેદારશ્રીએ પોતાના લેટરપેડ ઉપર જરૂરી ટેન્ડર ફી, જરૂરી રજીસ્ટ્રેશન, ચાલુ નાણાંકીય વર્ષ–૨૦૨૩ ની બેંક સોલવન્સી, પાનકાર્ડ તેમજ અનુભવનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી ટેન્ડરની નકલ તા.૦૪/૦૩/૨૦૨૩, ૧૨–૦૦ કલાક સુધી આપવામાં આવશે તથા તા.૧૦/૦૩/૨૦૨૩ ના ૧૮.૦૦ કલાક સુધી ભાવો ભરેલા ટેન્ડરો રજી, પોષ્ટ એડી./સ્પીડ પોષ્ટથી કચેરીમાં પહોંચાડવાના રહેશે. શકય હશે તો તા.૧૩/૦૩/૨૦૨૩ ના ૧૨.૦૦ કલાકે ઉપરોકત કચેરીમાં ભાવો ભરેલા ટેન્ડરો ખોલવામાં આવશે. એક અથવા બધા જ ટેન્ડરો મંજુર કે નામંજુર કરવાની સત્તા નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીની રહેશે. જેના કોઈ કારણો આપવામાં આવશે નહિ.

માહિતી/ગોધરા/૯૫૧/૨૦૨૩

**નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**

**ટુંકી મુદતની જાહેર નિવિદા નં."૨૨" સને ૨૦૨૨-૨૩**

**ગુજરાત સરકાર**

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના વતી કાર્યપાલક ઈજનેરશ્રી, પાનમ યોજના વિભાગ, પાનમ કોલોની, ગોધરા–૩૮૯૦૦૧ જી.પંચમહલ, ફોન નં.(૦૨૬૭૨) ૨૪૧૮૧૨ દ્વારા યોગ્ય શ્રેણીમાં નોંધણી ધરાવતા ઈજારદારો પાસેથી જુદા–જુદા ૪ (ચાર) કામો માટે ઓફલાઈન ટેન્ડર, બી–૧ ફોર્મમાં મંગાવવામાં આવે છે. જેની અંદાજીત રકમ રૂ.૪.૪૨ લાખથી ૪.૯૭ લાખ સુધીની છે. સુંદર કામના ટેન્ડરો ચાલુ કચેરી દરમ્યાન ઠેકેદારશ્રીએ પોતાના લેટરપેડ ઉપર જરૂરી ટેન્ડર ફી, જરૂરી રજીસ્ટ્રેશન, ચાલુ નાણાંકીય વર્ષ–૨૦૨૩ મી બેંક સોલવન્સી, પાનકાર્ડ તેમજ અનુભવનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી ટેન્ડરની નકલ, તા.૦૪/૦૩/૨૦૨૩, ૧૨–૦૦ કલાક સુધી આપવામાં આવશે તથા તા.૧૦/૦૩/૨૦૨૩ ના ૧૮.૦૦ કલાક સુધી ભાવો ભરેલા ટેન્ડરો રજી.પોષ્ટ એડી./સ્પીડ પોસ્ટથી કચેરીમાં પહોંચાડવાના રહેશે. શકય હશે તો તા.૧૩/૦૩/૨૦૨૩ ના ૧૨.૦૦ કલાકે ઉપરોકત કચેરીમાં ભાવો ભરેલા ટેન્ડરો ખોલવામાં આવશે. એક અથવા બધા જ ટેન્ડરો મંજુર કે નામંજુર કરવાની સત્તા કાર્યપાલક ઈજનેરશ્રીની રહેશે. જેના કોઈ કારણો આપવામાં આવશે નહિ.

માહિતી/ગોધરા/૯૫૨/૨૦૨૩

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# સંતરામપુરના બટકવાડા ગામે રસ્તાની વચ્ચે બસ બંધ પડી જતા મુસાફરો મુશ્કેલીમાં મુકાયા


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
સંતરામપુર તાલુકાના બટકવાડા ગામે સંતરામપુર ફતેપુરા મીની બસ પંચર અને ટેકનિકલ ખામી હોવાના કારણે બંધ પડી ગઈ હતી. કલાકો સુધી બસ ચાલુ ના થતા બસમાં બેઠેલા મુસાફરો મોટી સંખ્યામાં રસ્તાની વચ્ચોવચ બગાડતા અને ઊભી થઈ જતા મુશ્કેલીમાં મુકાયા પરંતુ ફરીથી પાછળથી બીજી મીની બસ નીકળતા ફતેપુરા જવા માટે બેઠેલા મુસાફરોને બીજી બસમાં બેસાડવા માટે ગીચોગીચ બેસાડતા મુસાફરો ત્રાહિમ પોકારી ગયા હતા. સંતરામપુર ડેપોની અવારનવાર બસ બગડી જવાનું વધુ પ્રમાણમાં ફરિયાદો મળી આવેલી હતી. વારંવાર આવી ઘટના બનતા મુસાફરો અટવાયા કરતા હોય છે.૧૫ દિવસ અગાઉ બસ સ્ટેશન વિસ્તારમાં મીની બસ બગડી ગયા હતા. મુસાફર ક્યાંથી ધક્કો મારવો પડ્યો હતો. સંતરામપુર ડેપોની મેન્ટેનન્સના અભાવે મોટી સંખ્યામાં લોકલ ફરતી મીની બસોમાં વધુ ફરિયાદો ઉઠવા પામી હતી, મુસાફરોમાં ચર્ચા કરેલું હતું. જ્યારે મળતી માહિતી મુજબ કેટલીક બસોના તો કિલોમીટર પૂરૂં થયા પછી પણ ઠરાવમાં આવતા ડ્રાઈવર અને કંડક્ટર પણ ત્રાહિમ પોકારી ઊઠ્યા છે. મેનેજમેન્ટ અને ટેકનિકલ ખામીઓના વ્યવસ્થાનો અભાવ જોવા મળી આવેલો છે. નિયમ મુજબ વધુ પ્રમાણમાં કિલોમીટર પૂરા થઈ ગયેલા હોય તો તેને બસનો ઉપયોગ કરી શકાતો નથી અને ડિવિઝન ખાતે રિપોર્ટ કરીને તેને શું પ્રાપ્ત કરવામાં આવતી હોય છે. આવી બસ દોડાવાળા કારણે ગમે ત્યારે પણ મુસાફરનો જીવ જોખામાં મુકાઈ શકે છે અને દુર્ઘટના પણ બની શકે છે.

## લુણાવાડા તાલુકાના જામાપગીના મુવાડા પ્રા.શાળામાં

# માતૃ-પિતૃ દિવસની ઉજવણી વખતે કોર્ટે સજા કરી હોય તેવા વ્યકિતની ફોટા મુકવાના કિસ્સામાં પાંચ શિક્ષકોની કચ્છ બદલી કરાઈ

લુણાવાડા,
લુણાવાડા તાલુકાના જામાપગીના મુવાડા પ્રા.શાળા ખાતે ૧૭ ફેબ્રુઆરી એ માતૃ-પિતૃ દિવસની ઉજવણી કરવા દરમિયાન શિક્ષકો દ્વારા કોર્ટ દ્વારા સજા કરવામાં આવી હોય તે વ્યકિતના ફોટાની આરતી ઉતારવાના કિસ્સામાં ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ દ્વારા પાંચ શિક્ષકોની કચ્છ જીલ્લામાં બદલી કરવામાં આવી.

લુણાવાડા તાલુકાના જામાપગીના મુવાડા પ્રાથમિક શાળા ખાતે ૧૭ ફેબ્રુઆરીના રોજ માતૃ-પિતૃ દિવસની ઉજવણી રાખવામાં આવી હતી. દરમિયાન શાળાના શિક્ષકો પ્રદિપકુમાર હરીદાસ પટેલ, મધુબેન બળવંતસિંહ પગી, ગીતાબેન ચંદુલાલ પટેલ, અંકિતકુમાર મહેશકુમાર પંડ્યા, બીપીનકુમાર મુળજીભાઈ પટેલ દ્વારા નૈતિક અધઃપતન સાથે સંકળાયેલા વ્યકિતના ફોટાની આરતી ઉતારવામાં આવેલ જે વ્યકિતને કોર્ટ દ્વારા સજા સંભળાવવામાં આવી હોય તેવી વ્યકિતનો શાળાના બાળકો સામે ફોટો મૂકીને આરતી ઉતારવામાં આવી હતી. આ બાબતે ગુજરાત સરકાર શિક્ષણ વિભાગે ગંભીરતાથી લઈને લુણાવાડા તાલુકાના જામાપગીના મુવાડા પ્રા.શાળાના આચાર્ય તેમજ આ શાળાના ત્રણ શિક્ષકો અને વાવીયા મુવાડા પ્રા.શાળાના શિક્ષકની ખાસ કિસ્સામાં પાંચ શિક્ષકોની બદલી કચ્છ જીલ્લામાં કરવામાં આવી સાથે શિક્ષકો સામે ખાતાકીય તપાસ અને ચાર્જશીટ આપવા હુકમ કરવામાં આવ્યો.

> કડાણા તાલુકાની રણકપુર સરકારી પ્રાથમિક શાળામાં પણ આ કાર્યક્રમ થયો હતો, પરંતુ ધારાસભ્યની ચૂંટણી શિક્ષકોએ ચોક્કસ કોઈ પક્ષને સપોર્ટ કર્યો હોવાને લઈ માત્ર લુણાવાડા તાલુકાના શિક્ષકોને સજા કરવામાં આવી છે. એટલે આ માત્ર આ રાજકીય ખેલ છે.
> **નવીનભાઈ ઠાકર, મહીસાગર જિલ્લા નિવૃત શિક્ષણ સંઘના મહામંત્રી**

> ચાલુ વર્ષે લુણાવાડા તાલુકાના કણજાવ અને વીરપુર તાલુકાના લીંબરવાળાના શિક્ષકોનો દારૂ પીધેલો વિડિઓ વાઈરલ થયો હતો. તેમ છતાં તેમના પર કોઈ કાર્યવાહી ન થઈ આ માત્ર ચૂંટણીને ધ્યાને લઈ રાજકીય સ્ટંટ છે.
> **જાગૃત વાલી, કૃષ્ણ પટેલ**

## PM મોદીની પોસ્ટ બજેટ વેબિનાર આજથી શરૂ

# અમારી સરકારે બજેટના વર્તમાન પડકારોના સમાધાનની સાથે નવા યુગમાં આવેલા પરિવર્તનની સાથે આગળ વધી રહી છે



નવીદિલ્હી,
પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજથી શરૂ થયેલા પોસ્ટ બજેટ વેબિનારના પહેલા કાર્યક્રમમાં ગ્રીન ગ્રોથ પર લોગોને સંબોધન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે 'અમારી સરકારે બજેટના વર્તમાન પડકારોના સમાધાનની સાથે નવા યુગમાં આવેલા પરિવર્તનની સાથે આગળ વધી રહી છે.' પોસ્ટ બજેટ કાર્યક્રમ આજથી શરૂ થયો છે, જે ૧૧ માર્ચ સુધી ચાલશે. આ દરિમાયન ૧૨ અલગ-અલગ સેક્ટર પર ચર્ચા થશે અને લોકો પાસેથી બજેટની જાહેરાતને સારી રીતે લાગૂ કરવા માટે સૂચનો લેવામાં આવશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે ૨૦૧૪ પછી ભારતમાં જેટલા બજેટ આવ્યા છે, તેની એક પેટર્ન રહી છે. આ પેટર્ન એ છે કે અમારી સરકારે દરેક બજેટમાં હાલના પડકારોના સમાધાનની સાથે જ નવા યુગમાં આવેલા સુધારા સાથે આગળ વધી રહી છે.તેમણે આગળ વધુમાં જણાવ્યું હતું કે 'આ બજેટ ભારતને ગ્લોબલ ગ્રીન એનર્જી માર્કેટમાં એક લીડ પ્લેયરના રૂપમાં સ્થાપિત કરવામાં પણ મોટી ભૂમિકા ભજવશે.'

વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે 'અમારી સરકારનો ટ્રેક રેકોર્ડ રહ્યો છે કે ભારત તેના લક્ષ્યોને સમય પહેલા પ્રાપ્ત કરી રહ્યું છે.' તેમણે વધુમાં કહ્યું હતું કે 'પાવર કેપેસિટી વીજળી ક્ષમતા આપણે ૪૦% નોન ફોસિલ ફ્યુઅલમાં ૯ વર્ષ આગળનું લક્ષ્ય હાંસલ કર્યું છે. આ સાથે વડાપ્રધાને કહ્યું કે ગ્રીન ગ્રોથ અને એનર્જી ટ્રાંઝિશન માટેની ભારતની વ્યૂહરચના ત્રણ આધારસ્તંભ ધરાવે છે- ૧. રિન્યૂએબલ એનર્જીના પ્રોડક્શનમાં વધારો., ૨. આપણા અર્થતંત્રમાં ફોસિલ ફ્યુઅલનો ઉપયોગ ઘટાડવો., ૩. દેશની અંદર ગેસ આધારિત અર્થવ્યવસ્થાની જેમ ઝડપી ગતિએ આગળ વધારવું.

તેમણે કહ્યું હતું કે 'આ વ્યૂહરચના હેઠળ ઈથેનોલ બ્લેન્ડિંગ,"સ કુસુમ યોજના, સૌર ઉત્પાદન માટે પ્રોત્સાહન, રૂફટોપ સોલાર સ્કીમ, કોલ ગેસિફિકેશન, બેટરી સ્ટોરેજ વગેરે કરવામાં આવશે.ગ્રીન એનર્જીને લગતી ટેક્નોલોજીમાં ભારત વિશ્વમાં અગ્રેસર થઈ શકે છે. તે ભારતમાં ગ્રીન જોબ્સ તેમજ ગ્લોબલ ગુડ વધારવામાં ઘણી મદદ કરશે. આ બજેટ તમારા માટે માત્ર એક તક નથી, તેમાં તમારા સુરક્ષિત ભવિષ્યની ગેરંટી પણ છે. હું એનર્જી વર્લ્ડ સાથે સંકળાયેલા દરેક સ્ટોક હોલ્ડરને આજે ભારતમાં રોકાણ કરવા આમંત્રણ આપું છું. પુનઃપ્રાપ્ય ઉર્જા સ્ત્રોતોમાં ભારત જેટલું વધુ કમાન્ડિંગ પોઝિશન ધરાવે છે, તે વિશ્વમાં વધુ પરિવર્તન લાવી શકે છે.

તેમણે વધુમાં કહ્યું હતું કે ભારતમાં ગાયના છાણમાંથી ૧૦ હજાર મિલિયન ક્યુબિક મીટર બાયો ગેસનું ઉત્પાદન થવાની સંભાવના છે. આ શક્યતાઓને કારણે આજે ગોબર ધન યોજના ભારતની બાયો ફ્યુઅલ વ્યૂહરચનાનો એક મહત્વપૂર્ણ ભાગ છે. એટલા માટે અમે આ બજેટમાં ૫૦૦ નવા ગોબર ગેસ પ્લાન્ટ સ્થાપવાની જાહેરાત કરી છે. જે રીતે અમારી સરકાર બાયો ફ્યુઅલ પર ભાર આપી રહી છે. તે તમામ રોકાણકારો માટે વિશાળ તકો લઈને આવ્યું છે. આપણા દેશમાં એગ્રી-વેસ્ટની કોઈ અછત નથી, તેથી રોકાણકારોએ દેશના દરેક ખૂણા અને ખૂણામાં ઈથેનોલ પ્લાન્ટ સ્થાપવાની તક ગુમાવવી જોઈએ નહીં. વાહન સ્ક્રેપિંગ એ ભારતની નીતિ અને ગ્રીન ગ્રોથ વ્યૂહરચનાનો એક મહત્વપૂર્ણ ભાગ છે. વાહન સ્ક્રેપિંગને પ્રોત્સાહન આપવા માટે સરકારે આ બજેટમાં ૩,૦૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે. આગામી સમયમાં કેન્દ્ર અને રાજ્ય સરકારના ૩ લાખથી વધુ વાહનો સ્ક્રેપ થવાના છે. નાણામંત્રી નિર્મલા સીતારમણે સંસદમાં ૨૦૨૩-૨૪ માટે કેન્દ્રીય બજેટ રજૂ કરતી વખતે સાત આધાર આપ્યા હતા. તેઓ સપ્તર્ષિ કહેવાતા. સપ્તર્ષિઓમાં સર્વસમાવેશક વૃદ્ધિ, વંચિતો માટે પ્રાધાન્ય, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઈન્વેસ્ટમેન્ટ, ક્ષમતા વિસ્તરણ, ગ્રીન ગ્રોથ, યુવા શક્તિ અને નાણાકીય ક્ષેત્રનો સમાવેશ થાય છે. કેન્દ્રીય બજેટ ૨૦૨૩-૨૪ મુજબ, ગ્રીન ગ્રોથ દેશમાં હરિયાળી ઔદ્યોગિક અને આર્થિક પરિવર્તન, પર્યાવરણને અનુકૂળ કૃષિ અને સતત ઊર્જા સાથે જોડાયેલી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આનાથી મોટી સંખ્યામાં હરિયાળી રોજગારની તકો ઉપલબ્ધ થશે.

બજેટમાં વિવિધ ક્ષેત્રો અને મંત્રાલયો માટે સંખ્યાબંધ પ્રોજેક્ટ્સ અને પહેલોની કલ્પના કરવામાં આવી છે. તેમાં ગ્રીન હાઈડ્રોજન મિશન, એનર્જી ટ્રાન્સફોર્મેશન, એનર્જી સ્ટોરેજ પ્રોજેક્ટ્સ, ગ્રીન ક્રેડિટ પ્રોગ્રામ, પીએમ પ્રણામ, ગોબર્ધન યોજના, ભારતીય પ્રાકૃતિક ખેતી બાયો-ઈનપુટ રિસોર્સ સેન્ટર, મિષ્ટી અને અમૃત ધરોહરનો સમાવેશ થાય છે.

# મુંબઈમાં અચાનક ૪૦૦ બસ રસ્તા પર દોડતી થઈ બંધ ગઈ

મુંબઈ,
છેલ્લા ૨ મહિનામાં મુંબઈમાં એક બાદ એક ૩ બસમાં અચાનક આગ લાગવાની ઘટના સામે આવી છે. તેને જોતા અચાનક ૪૦૦ બસ બંધ કરીનો નિર્ણય બેસ્ટે લીધો છે. બેસ્ટ મેનેજમેન્ટ તરફથી અચાનક લેવામાં આવેલા આ નિર્ણયથી મુંબઈકરો પર મોટી મુશ્કેલી આવી પડી છે. તેનું કારણ છે કે દરરોજ ૩૦ લાખથી વધારે મુંબઈગરાઓ બસમાં મુસાફરી કરે છે. બેસ્ટ મેનેજમેન્ટે આ નિર્ણય માટે આગળ પણ કારણ જણાવ્યું છે. તે રીતે જ મુંબઈના રસ્તા પર આવતીકાલથી રસ્તા પર ૪૦૦ બસ ઓછી દોડશે. આ બસ કોન્ટ્રાક્ટ પર મુંબઈવાસીઓની સેવામાં લાગી હતી. સતત સીએનજી બસમાં આગ લાગવાની ઘટનાઓ સામે આવી રહી હતી. બુધવારે પણ અંધેરીના આગરકર ચોકમાં એક બસમાં ભીષણ આગ લાગી હતી. બસ સ્ટોપ પર આ બસ ખાલી થઈ રહી હતી, જેવી બાસ ખાલી થઈ ગઈ તેમાં અચાનક આગ લાગી અને બસ બળીને ખાખ થઈ ગઈ. માતેશ્વરી નામના કોન્ટ્રાક્ટર તરફથી આ બસની સુવિધાઓ આપવામાં આવી રહી છે. બેસ્ટ મેનેજમેન્ટે કોન્ટ્રાક્ટરને તાત્કાલિક અસરથી આ ૪૦૦ બસને રસ્તા પરથી હટાવવાનો આદેશ આપી દીધો છે. ટાટા માર્કોપોલો કંપની પાસેથી લેવામાં આવેલી આ બસ મુંબઈમાં બેસ્ટના અલગ અલગ ડેપોમાંથી ચલાવવામાં આવી રહી હતી. સવારથી અચાનક ૪૦૦ બસ રસ્તા પર ઓછી દોડવાથી મુસાફરોને અસુવિધાઓનો સામનો કરવો પડ્યો. બેસ્ટની આ બસ પ્રતીક્ષાનગર, સાંતાક્રૂજ, મરોલ અને ધારાવીના ૪ ડેપોથી ચલાવવામાં આવી રહી હતી. આ તમામ બસો નોન એસી અને સીએનજીથી ચાલતી હતી. બેસ્ટ પરિવહન વિભાગે નક્કી કર્યુ છે કે જ્યાં સુધી કોન્ટ્રાક્ટર તરફથી આગ લાગવાની ઘટના બીજી વખત ના બનવાનું આશ્વાસન ના મળે ત્યા સુધી આ બસોને બીજી વખત ઉપયોગમાં લેવામાં આવશે નહીં. સૌથી વધારે મુશ્કેલી પ્રતીક્ષાનગર ડેપોથી જોડાયેલા મુસાફરોને ઉઠાવવી પડશે. આ પ્રકારની ૧૦૦ બસો અહીંથી ચલાવવામાં આવે છે.

# લુણાવાડાના વરધરી ગામે ૨૧૨ વાળંદ સમાજના સમૂહ લગ્નમાં ૧૦ યુગલોએ પ્રભુતામાં પગલાં માંડયા


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,
૨૧૨ વાળંદ સમાજ સમૂહલગ્ન સમિતી મહિસાગર પંચમહાલ અને ખેડા જિલ્લા દ્વારા આયોજીત ૧૩ મો સમૂહલગ્ન તારીખ ૨૩/૦૨/૨૦૨૩ ગુરૂવારના રોજ વરધરી તા. લુણાવાડા જિ. મહિસાગર ખાતે ''સમૂહ લગ્ન સમારોહ''માં કુલ ૧૦ યુગલો એ પ્રભુતામાં પગલાં માડ્યા હતા. આ ૧૦ દિકરીઓને ૨૧૨ વાળંદ સમાજ તરફથી કન્યાદાનમાં ફુલ નહી તો ફુલની પાંખડી સ્વરૂપે ૯૦ જેટલી ઘરવપરાશની ચીજવસ્તુઓ આપી કન્યાદાન કરેલ છે, સાથે સાથે રોકડ રકમ પણ દાન આપી અને ૧૧ જૂથ વાળંદ સમાજ ગામ સમસ્ત તરફથી ભોજનના દાતાઓ બની. આ સમૂહલગ્નમાં સિંહ ફાળો આપેલ હતો. વરધરી વાળંદ સમાજ સાથે ૧૧ જૂથ સમાજે રસોડાથી માંડી કાર્યક્રમ પૂર્ણ થયો ત્યાં સુધી ખુબ સાથ સહકાર આપી ભગીરથ કાર્ય કરેલ છે. આ સમૂહલગ્ન સમારોહમાં ધર્મપ્રિયદાસજી મહારાજ (જેઠોલી મંદિર)ઉપસ્થિત રહ્યા હતા. એમનુ સ્વાગત ૨૧૨ વાળંદ સમાજ સમૂહલગ્ન સમિતી પ્રમુખ મહેશભાઈ કોદરભાઈ વાળંદએ સાલ ફુલહાર આપી સન્માન કર્યુ હતું. નવદંપતિઓને સુખી દાંપત્ય જીવનનાં આશીર્વાદ તેમજ શુભકામનાઓ પાઠવવા સાથે વ્યસન મુક્તિ પર ભાર મુક્યો હતો. સમૂહલગ્ન થકી સમય અને પૈસાની બચત થાય સમૂહલગ્ન સમાજનો વિકાસનો પાયો છે. સમૂહલગ્ન થકી સમાજ દેશ આગળ આવે સમૂહલગ્ન જોડાવુ જોઈએ. ૨૧૨ વાળંદ સમાજ સમૂહલગ્ન સમિતીને ધન્યવાદ આપ્યો. આ ભગીરથ કાર્યનો યશ એમના શીરે જાય છે, જેમના માં-બાપ અને એમના દિકરા દિકરીને આ સમૂહલગ્નમાં જોડાયા એમને પણ ધન્યવાદ આપ્યા હતા. પંચમહાલ લોકસભા સાંસદ રતનસિંહ રાઠોડ સમૂહલગ્ન સ્થળ પર આમંત્રણને માન આપી પધાર્યા હતા. નવદંપતિને શુભેચ્છાઓ પાઠવી હતી. વરધરી ગ્રામ પંચાયતના સરપંચ એ હાજરી આપી હતી. આ ઉપરાંત ૨૧૨ વાળંદ સમાજ સમૂહલગ્ન સમિતી પ્રમુખ મહેશભાઈ કોદરભાઈ વાળંદ ગામ-સેવાલીયા, એસ.પી. શર્મા આગરવાડા. તથા લીંબચ સમાજ સેવા ટ્રસ્ટના પ્રમુખ રાજેન્દ્રકુમાર એમ. વાળંદ દેવ, સમારંભ અદ્યક્ષ લીંબચ યુવા સંગઠન ગુજરાત પ્રદેશના ટ્રસ્ટી પ્રવિણભાઈ મંગળભાઈ શર્મા વિરપુર તથા સરપંચ કૈલાશબેન મહેન્દ્રભાઈ વાળંદ, લીંબચ યુવા સંગઠન મહિસાગર પ્રમુખ વિપુલભાઈ એમ. વાળંદ તથા સમારંભ પ્રમુખ મોહિનકુમાર પ્રભુદાસ વાળંદ, પીલોદરા હાલ આણંદ તથા ગૌતમકુમાર રતિભાઈ વાળંદ રાજનપુર હાલ દુબઈ તથા સરપંચ વિષ્ણુભાઈ રમણભાઈ વાળંદ ડખરીયા મહેન્દ્રકુમાર એસ. વાળંદ જનોડ કાંન્તિભાઈ મોરવા, શાંતિભાઈ જનોડ હાલ ગાંધીનગર ૧૧ જૂથના મંત્રી રમેશભાઈ વરધરી આ મહાનુભાવોએ સ્ટેજ પર બેસાડી વિશિષ્ટ સન્માન કરેલ છે. આ સમૂહલગ્ન સમારોહમાં સ્ટેજનું સંચાલન ૨૧૨ લીબંચ સમાજ સેવા ટ્રસ્ટના સ્થા.ઓડિટર મહેન્દ્રભાઈ કે. શર્મા ગુણોલી તથા ૨૧૨ લીંબચ સમાજ સેવા ટ્રસ્ટના ખજાનચી ગિરીશકુમાર એમ. શર્મા પરબિયા, ૨૧૨ લીંબચ સમાજ સેવા ટ્રસ્ટના સહમંત્રી ભરતભાઈ કે. શર્મા જેઠોલી એ સફળતાપૂર્વક સંચાલન કરેલ છે તથા જે.ડી.શર્મા નમનાર સહયોગ આપેલ છે. ૨૧૧ વાળંદ સમાજ મહિસાગર પંચમહાલ અને ખેડાના નામી અનામી વાળંદ જ્ઞાતિબંધુઓ હાજર રહી આ સમારંભમાં ચારચાંદ લગાવ્યા હતા.

સમુહલગ્ન થકી સમાજની એકતા-અખંડિતતાના દર્શન થાય છે. સમાજનાં સર્વાંગી ઉત્થાન માટે અને સમાજની સામાજિક જવાબદારી અદા કરવા માટે પ્રતિબદ્ધ બનવું એજ સાચો નાગરિક ધર્મ છે. આર્થિક અને સામાજિક સુધાર માટે સમુહલગ્ન હવે પરંપરા બનતી જાય છે. ત્યારે સંપન્ન સમાજ પણ સમુહલગ્ન યોજે અને ઓછા ખર્ચે અનેક યુગલો આપણા સમાજમાં લગ્ન ગ્રંથિથી જોડાય એવી ભાવના વ્યક્ત કરૂં છું સમાજનાં સમરસ, સમતોલ અને સર્વાંગી વિકાસ માટે કટિબદ્ધ છે. ત્યારે આવા ઉમદા આદર્શવાદી વિચારો સાથે સામાજિક સદભાવના ધરાવતા સમુહલગ્નનું આયોજન કરનાર ૨૧૨ વાળંદ સમાજ સમૂહલગ્ન સમિતી મહિસાગર, પંચમહાલ અને ખેડા જિલ્લાના તમામ આયોજકોને નતમસ્તક ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

# બાલાસિનોર બસ સ્ટેન્ડ નજીકથી ચોરાયેલ એન્ડ્રોઇડ મોબાઈલ ચોરીનો ભેદ ઉકેલી એક ઇસમને ઝડપી પાડતી પોલીસ



બાલાસીનોર,
બાલાસિનોર ટાઉન પોલીસ સ્ટેશન દ્વારા બાલાસિનોર બસ સ્ટેન્ડ નજીકથી ચોરાયેલ એન્ડ્રોઈડ મોબાઈલ ચોરીનો ભેદ ઉકેલી એક ઇસમને ઝડપી પાડતી બાલાસિનોર ટાઉન પોલીસ પોલીસ મહાનિરીક્ષક ચિરાગ કોરડીયા, પંચમહાલ ગોધરા રેન્જ તથા પોલીસ અધિક્ષક, રાકેશ બારોટ મહીસાગર જીલ્લા તેમજ નાયબ પોલીસ અધિક્ષક પી.એસ.વળવી લુણાવાડા વિભાગ નાઓએ જીલ્લામાં બનતી મોબાઈલ ચોરી તેમજ વાહન ચોરીઓને અટકાવવા તથા મિલ્કત વિરૂદ્ધનાં ગુનાઓનું ડીટેકશન કરવા સુચના આપેલ. જે સુચના અન્વયે પોલીસ ઈન્સ્પેકટર એ.એન.નિનામા નાઓએ બાલાસિનોર ટાઉન પોલીસ સ્ટેશનનાં અધિકારી તેમજ કર્મચારીઓને મોબાઈલ/વાહન ચોરી અટકાવવા શોધવા સુચના આપેલ. જેથી બાલાસિનોર પો.સ્ટે તા.૧૮/૧૧/૨૦૨૨ ના રોજ બાલાસિનોર બસ સ્ટેન્ડ પાસે ફરીયાદી રાહુલકુમાર મનહરભાઈ જાતે ભોઈ રહે.મોટા લાલપુર તા.બાયડ જી.અરવલ્લી નાઓનો મોબાઈલ ચોરાયેલ હોય જે બાબતે બાલાસિનોર ટાઉન પોસ્ટ ખાતે એ પાર્ટ ગુ.ર.નં ૧૧૧૮૭૦૦૨૨૩૦૦૭૪/૨૦૨૩ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબનો ગુન્હો નોંધાયેલ હોય જેથી એ.એસ.આઇ દેવેન્દ્રસિંહ નટવરસિંહ તથા એ.એસ.આઇ વિશ્વજીતસિહ હરીશચંદ્રસિહ તથા અ.હેડ.કો ખાલીદભાઈ સબ્બીરહુસેન તથા આ પો.કો દીનેશભાઈ ભલાભાઈ તથા અ.પો.કો રીતેશભાઈ રમેશભાઈ તથા પો.કો સત્તાભાઈ કાળાભાઈ વિગેરે પોલીસ સ્ટાફનાં માણસો સાથે મોબાઈલ ચોરી શોધવા સારૂ પ્રયત્ન કરતા મોબાઈલના IMEI નંબર તથા CDR/5DR ડેમ તેમજ ટેકનીકલ એનાલીસીસ આધારે તપાસ કરતા આરોપીનું લોકેશન વરધરી ગામનાં ઈલિયાસ સીમહંમદ શેખ રહે.વરધરી તા.લુણાવાડા જી.મહીસાગર નાઓનું સીમકાર્ડ એકટીવેટ થયેલ હોય જે આધારે તેઓની તપાસ કરતા કરાવતા બાલાસિનોર પો.સ્ટે નોંધાયેલ મુદ્દામાલ એન્ડ્રોઈડ રેડમી કંપનીનો ૯ એ મોડલ જેનો આઇ.એમ.ઈ.આઇ નંબર ૮૬૯૫૧૪૦૫૮૩૧૯૦૯૬ મળી આવેલ અને જે મુદ્દામાલની કિમત રૂપિયા ૭૫૦૦/- ના મોબાઈલ મુદ્દામાલ સાથે આરોપીને શોધી કાઢવામાં આવેલ છે.

# સંતરામપુરના સીમલીયા પ્રાથમિક શાળામાં કાનુની સેવા સત્તા મંડળ દ્વારા શિબિર યોજવામાં આવી બાળકોને માર્ગદર્શન અપાવ્યું



સંતરામપુર,
સંતરામપુર તાલુકાના સીમલીયા મુખ્ય પ્રાથમિક શાળામાં ધોરણ ૧ થી ૮માં અભ્યાસ કરતા બાળકોને ૫૧૬ વિદ્યાર્થીઓને આજે શિબિરમાં જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ લુણાવાડા અને તાલુકાની સેવા સમિતિ સંતરામપુર કાનૂની સહાય આપનો બંધારણીય અધિકાર છે. જેના દ્વારા કયા પ્રકારના કેસોમાં કાનૂની સહાય મળી શકે છે. વિનામૂલ્ય તકરાર સામાન્ય ઝઘડાઓ નિરાકરણનો શ્રેષ્ઠ વિકલ્પ છે, એટલે લોક અદાલત જેવી બાબતો વિશે આવા અંતરિય વિસ્તારમાં બાળકોને વિસ્તૃત માહિતી અને અપાઈ અને સાથે સાથે પોલીસ ફરિયાદ કઈ રીતે કરી શકાય, કયા કેસમાં કઈ કલમ લાગે છે. કાનૂની સત્તા મંડળ દ્વારા મફતમાં સેવા કઈ રીતે મેળવી શકાય, કોની પાસે જઈ શકાય છે, એ તમામ માર્ગદર્શન આજરોજ પૂરૂં પાડવામાં આવેલું હતું. જેમાં આપકા શિબિરમાં જીલ્લા કાનૂની સેવા સંસ્થા મંડળના સહાયકો અને સીમલીયા પ્રાથમિક શાળા આચાર્ય જૈમીનભાઈ શિક્ષક પ્રવીણભાઈ પારગી તમામ સ્ટાફગણ આજરોજ બાળકો સાથે રહીને વિશેષ માહિતી અપાવી હતી.

## આપની આજ.......

મેષ : આજે બાળકો સંબંધિત સમસ્યાઓના સમાધાનમાં દિવસ વિતાવશો. વિદ્યાર્થીઓ કોઈપણ સ્પર્ધામાં જીતી શકે છે. વાહન અને જમીન ખરીદવાનો સુખી સંયોગ પણ હોઈ શકે છે. સાંસારિક સુખ અને ઘરના ઉપયોગ માટે ગમતી વસ્તુઓ ખરીદી શકાય છે.

વૃષભ : આજે તમને દરેક કાર્યમાં પરિવારના સભ્યોનો સહયોગ મળશે. દિવસની શરૂઆતમાં સારા સમાચાર મળવાથી ઉત્સાહ વધશે. દૈનિક કાર્યો વહેલા પૂર્ણ થશે.

મિથુન : આજે પરિસ્થિતિમાં થોડી રાહત મળશે. પરંતુ તમારો સ્વભાવ વિવાદ કરી શકે છે, તેથી ઘરના વડીલો સાથે સાવચેતી રાખો, નહીં તો કડવી વાતો સાંભળી શકાય તેમ છે. કાર્ય વ્યવસાયમાં થોડી મહેનત કર્યા પછી પૈસાની આવક બપોરથી શરૂ થશે.

કર્ક : આજે કાર્ય-ઉદ્યોગમાં ધન લાભ થશે અને રાજ્યની સહાય પણ મળશે. તમે રચનાત્મક કાર્યમાં આનંદ મેળવશો. તમારે ખર્ચ કરવાનો વિચાર કરવો પડશે નહીં, તેમ છતાં ધ્યાનમાં પણ રાખો કે કોઈ વ્યર્થ ખર્ચ થાય નહીં.

સિંહ : આજનો દિવસ મિશ્રિત ફળદાયક રહેશે. દિવસની શરૂઆતમાં કોઈ નાની ભૂલને કારણે પરિવારના સભ્યો સાથે દલીલ થઈ શકે છે. આ પછી પણ, શાંતિ રહેશે નહીં. આજે લોકો તમારી સાથે માત્ર કામ માટે જ વ્યવહાર કરશે.

કન્યા : આજે પણ પરિસ્થિતિ તમારી તરફેણમાં રહેશે, પરંતુ આજે તમારો સ્વભાવ બદલાશે. આજે પૈસા આવતાની સાથે તે જવા માટેના રસ્તા બનાવશે. અતિશય ભાગદોડ રહેશે. બપોર પછી કોઈ ઈચ્છિત સિદ્ધિની શક્યતાઓ બની રહી છે.

તુલા : આજે તમને અચાનક નાણાકીય લાભથી આશ્ચર્ય થશે. દિવસના પહેલા ભાગથી શુભ સંકેતો આવવાના શરૂ થશે, પરંતુ સ્પષ્ટતાના અભાવને કારણે તમે મુશ્કેલીમાં મુકાઈ શકો છો. નોકરી અને ધંધા સંબંધિત કેટલાક પ્રશ્નોનું સમાધાન થશે.

વૃશ્ચિક : આજે કાર્યસ્થળ પર વિવાદ કરવાનું ટાળો. બપોર સુધી આર્થિક મુશ્કેલીઓ તમને પરેશાન કરશે, ત્યારબાદ અચાનક મળેલા લાભથી થોડી રાહત મળશે.

ધનુ : આજે સવારથી જ સ્વાસ્થ્ય નરમ રહેશે, કશું કરવાનું મન કરશે નહીં, સ્વભાવમાં ચીડિયાપણું હોવાને કારણે આસપાસના વાતાવરણ તમારા કારણે ખળભળાટ મચી જશે.

મકર : આજે તમારું માન અને સન્માન વધશે, પરંતુ કોઈના દ્વારા ગેરમાર્ગે દોરવાથી તમે તમારા માટે મુશ્કેલી ઊભી કરી શકો છો, તેથી સાવચેત રહો. સ્વાર્થી લોકો તમારા સંપર્કમાં વધુ રહેશે, તેમની પાસેથી કોઈ અપેક્ષા રાખશો નહીં.

કુંભ : આજે ધૈર્ય રાખવાની જરૂર છે. તમારા મોટાભાગનાં કામો બગડવાના કારણે મનમાં નકારાત્મક લાગણીઓ ઊભી થઈ શકે છે. જ્યાંથી તમે લાભની સંભાવનાઓ રાખશો ત્યાંના ખરાબ સમાચારને કારણે મન ઉદાસ થશે.

મીન : આજનો દિવસ તમારા માટે સામાન્ય રહેશે. દિવસનો પહેલો ભાગ એક અથવા બીજા કારણસર અશાંત રહી શકે છે. શરૂઆતમાં વિક્ષેપના કારણે કાર્યસ્થળમાં પરેશાની રહેશે પરંતુ બપોર પછી પરિસ્થિતિ સામાન્ય થઈ જશે.

# દે. બારીયા નગર પાલિકામાં પાંચ વર્ષના ટર્મ પુરા થવાના ત્રણ દિવસ બાકી છે ત્યારે સામાન્ય સભા યોજાઈ

## સામાન્ય સભામાં અનેક મુદ્દાઓ ચર્ચા સાથે બજેટની પણ જાહેરાત કરવામાં આવી : ઉપપ્રમુખ સહિત અન્ય સભ્યોએ પાલિકાની કેટલીક કામગીરીનો વિરોધ દર્શાવ્યો હતો



પાલિકાની સામાન્ય સભામાં પાલિકા પ્રમુખ દ્વારા બજેટ પણ રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં અલગ અલગ યોજનાઓ અંતર્ગત ૪૯ કરોડની આવક સાથે એક કરોડ સાત લાખ પુરાત વાળું બજેટ રજુ કર્યું હતું. જેમાં પણ પાલિકાના કેટલા સભ્યોએ મંજૂરી આપી કે નથી આપી તેને લઈને પણ પાલિકાના સભ્યોમાં છૂપો ગણગણાટ દેખાઈ રહ્યો હતો. સામન્ય સભામાં પત્રકારોની હાજરી જોઈને પાલિકા અધિકારી સહિત પાલિકા પદાઅધિકારીઓ જાણે સ્તભ થઈ ગયા હોય તેમ દેખાઈ રહ્યું હતું. ત્યારે પત્રકારોને લઈ પાલિકા સત્તાધિશો એ પણ આ સામાન્ય સભા વહેલી પૂરી કરી હોય તેમ જોવાઈ રહ્યું હતું.

સામાન્ય સભામાં પાલિકાના સભ્યો તેમજ પાલિકા ઉપપ્રમુખ દ્વારા વિકાસના કામોની માહિતી પૂછતા તેમજ નવીન બની રહેલા પિકઅપ સ્ટેન્ડની માહિતી પૂછતા પ્રમુખ તેમજ ચીફ ઓફિસર જવાબ ના આપી શકતા પ્રમુખના પતિ દ્વારા દરમ્યાનગીરી કરી કરવા જતા ઉપપ્રમુખે તેમને બેસી જવા જણાવ્યું હતું. આમ, આ પાલિકાનો વહીવટ અત્યાર સુધી પ્રમુખના પતિ દ્વારા કરવામાં આવ્યો હોય તેમ જોવાઈ રહ્યું હતું.

પાલિકામાં યોજાયેલ સામાન્ય સભામાં ૨૪ સભ્યો માંથી ૧૦ સભ્ય હાજર રહ્યા હતા. ત્યારે ગેરહાજર રહેલા સભ્યોમાં ગેર હાજર રહેવાનું કારણ કઈક અલગ ચર્ચાઈ રહ્યું હતું. જેમાં જે સભ્યો આ સામાન્ય સભામાં હાજર રહી સામાન્ય સભાની હાજરી પત્રકમાં જે સહી કરે છે, તે સહીઓનો ઉપયોગ ઠરાવમાં કરવામાં આવે છે.

- પાલિકા ની ચૂંટણીને પાંચ વર્ષનો સમય પૂરા થવાના ત્રણ દિવસ બાકી છે ત્યારે સામાન્ય સભા યોજાઈ.
- સામાન્ય સભામાં બજેટની પણ જાહેરાત કરવામાં આવી.
- આ સામાન્ય સભામાં ગણતરીના સભ્યો હાજર રહ્યા.
- સામાન્ય સમયમાં ઉપપ્રમુખ સહિત અન્ય સભ્યોએ પાલિકા દ્વારા થઈ રહેલા કામોનો વિરોધ કરી કામોના ઠરાવની માંગણી કરતા પાલિકા કર્મી અવઢમાં મુકાયા હોય તેમ.
- સામાન્ય સભામાં હોકર્શ ઝોન તેમજ પીકઅપ સ્ટેન્ડ એ મુખ્ય મુદ્દો રહ્યો.

દાહોદ,

દેવગઢ બારીયા નગર પાલિકાની પાંચ વર્ષની ટર્મ પૂરી થવાના ગણતરીના દિવસો બાકી છે. ત્યારે પાલિકા પ્રમુખ દ્વારા આજરોજ સામાન્ય સભા યોજી હતી. જેમાં અનેક મુદ્દાઓને લઈને ચર્ચા થઈ હતી. ત્યારે સામાન્ય સભાની સાથે પાલિકા પ્રમુખે બજેટ પણ રજુ કર્યુ હતું. આ સભામાં ગણતરીના સભ્યો હાજર રહ્યા હતા. જેમાં ઉપપ્રમુખે પાલિકાની કેટલીક કામગીરીને લઈ વિરોધ નોંધાવ્યો હતો. ૨૦૧૭ની એક કામગીરીમાં પ્રમુખ સભ્યો સામે રિકવરી આવી હતી. ત્યારે ફરીથી આવી રિકવરી આવવાના સંકેતો પણ દેખાઈ રહ્યા હોવાનું ચર્ચા રહી રહ્યું હતું.

પ્રાપ્ત માહિતી મુજબ દેવગઢ બારીયા નગર પાલિકામાં આજરોજ સામાન્ય સભા યોજાઈ હતી. પાંચ વર્ષનો ટર્મ પૂરા થવાની ગણતરીના દિવસો બાકી છે. ત્યારે પાલિકા પ્રમુખ દ્વારા સામાન્ય સભાનું આયોજન કર્યું હતું. જેમાં પાલિકાના ૨૪ સભ્યો માંથી ૧૦ સભ્ય હાજર રહ્યા હતા. ત્યારે આ સામાન્ય સભામાં પાલિકા દ્વારા કરવામાં આવેલી કેટલીક કામગીરીઓને લઈ પાલિકાના સત્તાધીશો એ તેનો વિરોધ કર્યો હતો. જેમાં પાલિકા એક સભ્યએ પાલિકા દ્વારા નગરમાં પીકઅપ સ્ટેન્ડ જે બનાવવામાં આવી રહ્યા છે. તે કયા ઠરાવના આધારે આ પીકપ સ્ટેન્ડ બનાવી રહ્યા છે અને જે જગ્યાએ પીકઅપ સ્ટેન્ડની જરૂર નથી, તેવી જગ્યાએ આડેધડ પીકઅપ સ્ટેન્ડ પાલિકા દ્વારા બનાવતા હોવાને લઈ ખોટો ખર્ચો થતો હોવાને લઈ અન્ય પાલિકા સભ્ય એ પણ આ પિકઅપ સ્ટેન્ડનો વિરોધ કર્યો હતો. ત્યારે આ સામાન્ય સભામાં મુખ્યત્વે નગરના શુક્રવારી બજારમાંનો મનોરંજન પ્લોટ જે સ્ટેટ વખતથી દશેરાના મેળા માટે અનામત રાખવામાં આવ્યો હતો. તે પ્લોટમાં હોકર્શ ઝોન અંતર્ગત પતરાના ફોલ્ડિંગ શેડ બનાવી દેતા આ હોકર્શ ઝોન બનાવવાની મંજુરી મેળવવા ક્યારે ઠરાવ કર્યો અને કયા સભ્યોએ આ ઠરાવમાં સહી કરી છે, તે બાબતે પાલિકાના ઉપપ્રમુખે પુછતા જાણે પાલિકા પ્રમુખ કે પછી પાલિકા અધિકારી પાસે આ બાબતે કોઈ યોગ્ય જવાબ ના હોય તેમ જાણે અવઢમાં મુકાયા હોય તેમ જોવાઈ રહ્યું હતું. ત્યારે પાલિકા દ્વારા અન્ય એવા કેટલાક કામોને લઈને પણ પાલિકા ઉપપ્રમુખે પ્રમુખ તેમજ ચીફ ઓફિસરને અનેક સવાલો કરતા પાલિકાના વહીવટ ની જાણે પોલ ખૂલી હોય તેમ જોવાઈ રહ્યું હતું. પાલિકાના ઉપપ્રમુખને જો નગરમાં થયેલી કામગીરી અંગે માહિતી ન હોય તો અન્ય સભ્ય તેમજ નગરજનોને સાચી માહિતી ક્યાંથી મળે પાલિકા દ્વારા કેટલાક એવા પણ ખર્ચ કરવામાં આવ્યા છે કે, જેની ગમે ત્યારે રિકવરી થઈ શકે તેવી પણ હાજર સભ્યોમાં ચર્ચાઓએ જોર પકડ્યું હતું. આંમ, દેવગઢ બારીયા પાલિકાની સામાન્ય સભામાં ઉપપ્રમુખે જ પાલિકાની પોલ ખોલી હોય તેમ દેખાઈ આવ્યું.

# દાહોદ જીલ્લામાં ક્ષયના નિદાન અને સારવારની આધુનિક સેવાઓ બાબતે માહિતી માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

રાષ્ટ્રિય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત ઈન્ડિયન મેડિકલ એસોસિયેશન અને આયુષ તબીબ માટે ટીબી રોગ વિશેના અદ્યતન જાણકારી દાહોદના ખાનગી તબીબો સુધી પહોંચે તે માટે સીએમઈનું આયોજન ગત તા. ૨૨ના રોજ ઈન્ડિયન રેડક્રોસ ભવન ખાતે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ડીડીઓ નેહાકુમારી સહિતના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યાં હતા.

આ કાર્યક્રમમાં જીલ્લામા અને દાહોદમાં હાલમાં ટીબીની વાસ્તવિક પરિસ્થિતિ શું છે અને તેમા સરકારની વિવિધ સૂચનાઓ અન્વયે ટીબી રોગની સારવાર નિદાનમાં ખાનગી તબીબો કઈ રીતે પોતાનું પ્રદાન કરી શકે તે માટે રાજય કક્ષાએથી વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના કન્સલ્ટન્ટ ડો જયદીપ ઓઝા એ ડેઈલી રેજીમેન, જીન એક્સપર્ટ, CNBAAT, ટ્રુનાટ, MDR ટીબીની સારવાર વિશે અદ્યતન અને વિસ્તૃત માહીતી પુરી પાડી હતી.

ભારત સરકાર આરોગ્ય વિભાગના નોટિફિકેશનથી ખાનગી તબીબો દવારા તમામ ટીબીના દર્દીઓનું રજીસ્ટ્રેશન નિક્ષયમાં થાય તે માટેની વધુ જાણકારી આપી હતી તથા નિક્ષય મિત્ર બની દર્દીને દત્તક લઈ પોષણ અભિયાન વિષે પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં વર્ષ ૨૦૨૨માં દર્દીઓના વધુ નોટિફિકેશન કરનાર ૭ ખાનગી તબીબો ડો. શીતલ શાહ–મહાવીર હોસ્પિટલ, ડો. એસ.એમ. જૈન–સુભમ હોસ્પિટલ, ડો. નીતિન ગાંધી– ગાંધી ચિલ્ડ્રન હોસ્પિટલ, ડો. રવિન્દ્ર હડકસિંઘ–ઓમ હોસ્પિટલ, ડો. ઈઝહાર શેખ–ઈઝહાર કલીનીક, ડો. હિતેન્દ્ર તિતરિયા–વેદાયું ક્લિનિક, ડો. નિલય દેસાઈ–શ્રીજી કિલનિકને એપ્રીશિએશન સર્ટીફીકેટ જીલ્લા વિકાસ અધિકારી નેહા કુમારી, ડીઆરડીએ ડાયરેક્ટર બી.એન.પટેલ અને મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો. શિલ્પા યાદવ અને મુખ્ય જીલ્લા તબીબી અધિકારી સહ સિવિલ સર્જન ડો. એન. એસ. હાંડાના હસ્તે આપવામાં આવ્યાં હતા. કાર્યક્રમમાં RCHO, EMO, QAMO, THO અને ખાનગી તબીબો ઉપસ્થિત રહ્યાં હતાં.

વધુમાં જીલ્લા વિકાસ અધિકારી દ્વારા ખાનગી તબીબોને અન્ય આરોગ્યના કાર્યક્રમ ફેમેલી પ્લાનિંગ ન્યુટ્રીશન આયુષમાન ભારત યોજના બાબતે ઊંડાણપૂર્વક વાત કરી જે દાહોદ જીલ્લો અન્ય જીલ્લાની સરખામણીએ સાક્ષરતા દર ખુબ જ નીચો છે. જેનાં કારણે અહીંની સ્થાનિક પ્રજાને પુરતું જ્ઞાન નથી. જેના કારણે ખાનગી તબીબો દ્વારા જે પણ સલાહ સૂચન આપવામાં આવશે તે દર્દી તેનો અમલ કરશે અને ભોજનમાં કયો પોષ્ટિક આહાર લેવો તેના પર પણ ખૂબજ ભાર મૂકવામાં આવ્યો.

આઈએમએ પ્રમુખ ડો. કેતન પટેલ દ્વારા નીક્ષય મિત્ર બનીને જે પોષણ અભિયાન ચાલે છે. તેમાં તેમના દ્વારા અને તેમની પુરી ટીમ દ્વારા ૫૦ પોષણ કીટ ટીબીના દર્દીઓને આપવાની જાહેરાત કરી હતી અને પ્રધાનમંત્રીના ટીબીમુકત ભારત અભિયાન ૨૦૨૫ સફળ બનાવવા માટે સૂચનાઓનો અમલ કરવાની ખાતરી આપી હતી.

# વિકાસ કામો માત્ર કાગળ પર જ નાણાંની ઉચાપતનો આક્ષેપ સાથે જિલ્લા વિકાસ અધિકારી તેમજ વિકાસ કમિશ્નર ગાંધીનગરને લેખિત રજુઆત

- સંજેલી તાલુકાના મોલી ગ્રામ પંચાયતના વિકાસના કામોમાં થયેલી ગેરરિતીની તપાસ અંગે રજુઆત.
- એનઆરજી એટીવીટી એમએલએ નાણાપંચ થયેલ ભ્રષ્ટ્રાચારની તપાસ અંગે ઉચ્ચકક્ષાએ રજુઆત.
- મોલી ગ્રુપ ગ્રામ પંચાયતમા ઈટાડી ગસલી ડોકી પતેલા ગામોનો સમાવેશ થાય છે.

સંજેલી,

સંજેલી તાલુકાના મોલી ગ્રુપ ગ્રામ પંચાયતના સરપંચ દ્વારા છેલ્લા ચાર વર્ષમાં થયેલાના સરપંચ દ્વારા છેલ્લા ચાર વર્ષમાં થયેલા એનઆરજી એટીવીટી એમએલએ નાણાપંચ સહિત વિકાસના કામોમાં થયેલી જે રીતે તપાસ અંગે ગામના જાગૃત નાગરિક દ્વારા તાલુકા જિલ્લા અને કક્ષાએ રજુઆત કરતા ખળભળાટ મચી જવા પામ્યો હતો.

સંજેલી તાલુકાના મોલી ગ્રુપ ગ્રામ પંચાયતમાં ઈટાડી, ગસલી, ડોકી, પતેલા ગામોનો સમાવેશ થાય છે. ગૃપ ગ્રામ પંચાયતના સરપંચ પ્રવીણભાઈ ડામોર દ્વારા વર્ષ ૨૦૧૯ ડીસેમ્બર ૨૦૨૨ દરમ્યાન નાણાપંચ યોજના એટીવીટી વિકાસશીલ એનઆરજી એમએલએ ૧૫ ટકા વિવેક યોજના ટીએસપી યોજના પાણી પુરવઠા સહિતના વિવિધ યોજનાઓના વિકાસના કામોમાં ગામ દીઠ પ્રમાણે થયેલા કામોમાં મોટા પાયે ભ્રષ્ટાચાર થયો હોવાને લઈને સ્થળ નિરીક્ષણ કરી અને યોગ્ય તપાસ કરવા તેમજ પાણી પુરવઠાની યોજના હેડ પંપ બોરવિથ મોટર મીની એલઆઈ નળ સાથે સામુહિક કુવા હવાડા સરક્ષણ દીવાલો ચેક વોલ માટી મેટલ સીસી રસ્તા સામુહિક સ્મશાન ગૃહ વિવિધ યોજનાના વ્યક્તિગત કુવા સહિત ૧૫માં નાણાપંચના વિકાસલક્ષી કામોમાં મોટાપાયે ભ્રષ્ટાચાર થયો હોવાને લઈને તેમજ મૌલી ગૃપ ગ્રાપ પંચાયત વિસ્તારમાં થયેલા વિકાસ સહિત વિવિધ કામો માત્ર કાગળ પર જ દર્શાવી અને નાણાંની ઉચાપત કરવામાં આવી હોવાની આક્ષેપ સાથે ગામના જાગૃત નાગરિક બામણીયા રામસીંગભાઈએ જિલ્લા વિકાસ અધિકારી તેમજ વિકાસ કમિશ્નર ગાંધીનગરને લેખિત રજુઆત કરી વિકાસના કામોમાં થયેલી ગેરરિતીની યોગ્ય તપાસ કરી અને ગેરરીતિ આચરનાર સામે કડકમાં કડક કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.

# સીંગવડના અનુપપુરા ગામે વીજ ચેકીંગમાં મધ્ય ગુજરાત વીજ કર્મચારીઓ સાથે ગાળાગાળી કરી ગાડી ઉપર પથ્થર મારો કરાયો

દાહોદ,

સીંગવડ તાલુકાના અનુપપુરા ગામે વીજ ચેકીંગમાં નીકળેલ મધ્ય ગુજરાત વીજ કંપનીના કર્મચારીઓ સાથે ચાલુ કામગીરી દરમ્યાન ગાળાગાળી તથા ઝપાઝપી કરી એમ.જી.વી.સી.એલ. ની બોલેરો ગાડી પર પથ્થર મારો કરી ગાડીના કાચ તોડી નાંખી નુકશાન પહોંચાડી સરકારી કર્મચારીઓની કાયદેસરની ફરજમાં રૂકાવટ કર્યાનું જાણવા મળ્યું છે.

મધ્યપ્રદેશ–ગુજરાત વીજ કંપની લીમખેડાની ટીમ જીજે–૩૪ ટી–૨૨૬૯ નંબરની બોલેરો ગાડી લઈ ગતરાતે નવેક વાગ્યાના સુમારે સીંગનવડ તાલુકાના અનુપપુરા ગામે વીજ ચેકીંગમાં નીકળી હતી અને વીજ ચેકીંગની કામગીરી કરી રહી હતી. તે વખતે લીમખેડા તાલુકાના મોટી વાસવાણી ગામના પ્રવેશભાઈ સબુરભાઈ નિનામાએ વીજ ચેકીંગની કામગીરી દરમ્યાન વીજ કર્મચારીઓની ટીમના માણસોને બેફામ બિભત્સ ગાળો બોલી ઝપાઝપી કરી હતી તથા વીજ કર્મઓની બોલેરો ગાડી પર પથ્થર મારો કરી ગાડીના કાચ તોડી નાંખી નુકશાન પહોંચાડી સરકારી કર્મચારીઓની કાયદેસરની ફરજમાં રૂકાવટ ઉભી કરી હતી.

આ સંબંધે રંગોલી પાર્ક સોસાયટી ગોદીરોડ પર રહેતા ૫૫ વર્ષીય ગોવિંદસિંહ મંગળાભાઈ ભુરીયાએ નોંધાવેલી ફરિયાદને આધારે રંધીકપુર પોલીસે મોટી વાસવાણી ગામના પ્રવેશભાઈ સબુરભાઈ નિનામા વિરૂદ્ધ ઈપીકો કલમ ૩૩૨, ૩૩૭, ૪૨૭, ૧૮૬ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદનાં નવજીવન કોલેજ મેદાન ખાતે આગામી તા. ૨૬ ફેબ્રુઆરી, રવિવારના રોજ ૧૬ માં સાંસદ ઢોલ મેળાનું આયોજન



દાહોદ,

દાહોદના નવજીવન કોલેજ મેદાન ખાતે આગામી તા. ૨૬ ફેબ્રુઆરી, રવિવારના રોજ ૧૬ માં સાંસદ ઢોલ મેળાનું આયોજન કરાયું છે. દેશ સહિત ગુજરાતના વિવિધ પ્રાંત પ્રદેશની આગવી શૈલી સાથેની નૃત્ય મંડળીઓ આ ઢોલ મેળામાં ઉત્સાહભેર ભાગ લેશે.

પરંપરાગત આદિવાસી સંસ્કૃતિની સાથે વૈવિધ્યપૂર્ણ સાંસ્કૃતિક નૃત્યશૈલીને એક જ સ્થળે જોવા, માણવા અને જીવંત રાખવાના ઉદ્દેશને ઉજાગર કરવા આદિજાતિ વિસ્તાર પેટા યોજના, દાહોદ અને ભીલ સમાજ સુધારણા મંડળ, દાહોદ દ્વારા આ ઢોલ મેળાનું આયોજન કરાયું છે. દેશ સહિત ગુજરાતના વિવિધ પ્રાંત પ્રદેશની આગવી શૈલી સાથેની નૃત્ય મંડળી આ ઢોલ મેળામાં ભાગ લેનારી છે. મેળામાં ભાગ લેનારી નૃત્ય મંડળીઓની સ્પર્ધા પણ યોજાશે. પ્રથમ ૨૦ નૃત્ય મંડળીઓ આકર્ષક અને રોકડ પુરસ્કાર તથા ભાગ લેનાર તમામ ઢોલ મંડળીઓને પ્રોત્સાહક ઈનામ આપવામાં આવશે. આગામી રવિવારે સવારે ૧૦ કલાકે ઝાલોદ રોડ સ્થિત નવજીવન કોલેજના મેદાનમાં આ કાર્યક્રમનું આયોજન કરાયું છે. તેમ કાર્યક્રમના નિમંત્રક પ્રાયોજના વહીવટદાર એસ.જે. પંડયા તેમજ ભીલ સમાજ સુધારણા મંડળ, દાહોદનાં પ્રમુખ નગરસિંહ પલાસે જણાવ્યું છે.

# સંજેલી તાલુકાના પ્રતાપુરા ગામે ઘરની આગળ બાંધેલા ઢાળીયામાંથી વન્ય પ્રાણી દીપડાએ બકરાનું મારણ કરતા ચકચાર



દાહોદ,

સંજેલી તાલુકાના પ્રતાપપુરા ગામે ગાય, ભેંસ, બકરી, બળદ સહિતના પશુઓને ઘરના આંગણે જ ઘર માલિક દ્વારા બાંધી રાખવામાં આવ્યા હતા. ત્યારે આસપાસમાં ડુંગરાળ વિસ્તાર હોય અચાનક ક્યાંકથી દીપડો આવી ચડ્યો હતો. ત્યારે તેને બકરાનું માંરણ કર્યું હતું. પ્રતાપુરા ગામે વન્ય પ્રાણી દીપડા અચાનક બકરા પર હુમલો કર્યાની ઘટનાને પગલે પંથકમાં ચકચાર મચી જવા પામી હતી. બકરાનું મારણ કર્યું હોવાની ઘરના લોકોને તેમજ આસપાસ લોકોના જાણ થતા દોડધામ મચી જવા પામી હતી. ઘટના બાબતે સંજેલી વન વિભાગને જાણ કરવામાં આવી હતી. ત્યારે વન વિભાગની ટીમ તાત્કાલિક ધોરણે ઘટના સ્થળ પર પહોંચી હતી તેમજ આગળની કાર્યવાહી હાથ ધરી હતી. વન વિભાગ દ્વારા ઘરી હતી ત્યારે લોકોને પણ ઘરની બહાર રાત્રે ના સૂવાનું તેમજ ડુંગરાળ જંગલ વિસ્તારમાં જવાનું ટાળવા માટે સૂચનો કરવામાં આવ્યા હતા. જેથી કરીને આવા કોઈ વન્ય પ્રાણીથી હુમલો થાય તો બચી શકાય પરંતુ આવી રીતે દીપડાનું લોકોના રહેણાંક વિસ્તારમાં જ આટા ફેરા થતા હોય બકરા સહિતના પશુનો મારણ કરતા હોવાની વાત વાયુવેગે ફેલાતા લોકોમાં પણ ડર તેમજ ભયનો માહોલ જોવા મળ્યો હતો.

# ઝાલોદના મહુડી ગામે ૧૨ વર્ષીય તરૂણીને દાદીએ બરડામાં ધોલ મારતાં ઘરે જઈ બેભાન થતાં સારવાર અર્થે ખસેડતા મૃત જાહેર કરાઈ

દાહોદ,

ઝાલોદ તાલુકાના મહુડી ગામે ચારેલ ફળિયામાં છોકરાઓ સાથે રમી રહેલી ૧૨ વર્ષીય તરૂણીને કુહાડી લઈ જવાના મામલે તેની દાદીએ બરડામાં બે ધોલ મારતાં રડતી રડતી ઘરે જતી રહેલ અને અચાનક બે ભાન થઈ જતાં તેને દવાખાને લઈ જતાં ફરજ પરના તબીબે તપાસી તેને મૃત્ત જાહેર કર્યાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગત અનુસાર ઝાલોદ તાલુકાના મહુડી ગામે ચારેલ ફળિયામાં રહેતી ૪૦ વર્ષીય સુમલીબેન કનુભાઈ સુરપાળભાઈ ચારેલની ભત્રીજી ૧૨ વર્ષીય નિરાલીબેન રાજુભાઈ ચારેલ ગતરોજ બપોરના પોણો વાગ્યાના સુમારે ફળીયામાં છોકરાઓ સાથે રમતી હતી. તેવમાં નિરાલીબેનની દાદી લાલીબેન રામાભાઈ ચારેલ ત્યાં આવી હતી અને ફળિયાના છોકરાઓ સાથે રમી રહેલી નિરાલીબેનની તું મારી કુહબાડી લઈ ગયેલ છે તેમ કહી નિરાલીના બરડાના ભાગે બે ધોલ મારતા નિરાલી રડતી રડતી તેના ઘરે જતી રહી હતી અને ઘરે ગયા બાદ તે અચાનક બેભાન થઈ ઢળી પડતાં તેના ઘરના માણસો ઘભરાઈ ગયા હતા અને નજીકની હોસ્પિટલમાં તેને બેભાન અવસ્થામાં જ લઈ ગયા હતા. જ્યાં હોસ્પિટલના ફરજ પરના તબીબે તપાસી નીરાલીને મૃત્ત જાહેર કરી હતી.

આ સંબંધે મરણજનાર નિરાલીના કાકી સુમલીબેન કનુભાઈ સુરપાળભાઈ ચારેલે ઝાલોદ પોલીસ સ્ટેશને લેખીત જાણ કરતા પોલીસે આ મામલે સી.આર.પી.સી. ૧૭૪ મુજબ પ્રાથમીક તબક્કે અકસ્માત મોતના ગુનાના કાગળો કરી આગળની વધુ તપાસ હાથ ધરી છે.

# કોંગ્રેસને આંચકો! પ્રથમ ભારતીય ગવર્નર જનરલના પૌત્રએ રાજીનામુ આપ્યું

નવીદિલ્હી,

પ્રથમ ભારતીય ગવર્નર જનરલના પૌત્રએ કોંગ્રેસમાંથી રાજીનામુ આપ્યું છે ગુરુવારે પોતાના રાજીનામાના પત્રમાં સીઆર કેશવને લખ્યું હતું કે, તેઓ છેલ્લા બે દાયકાથી પાર્ટી માટે કામ કરી રહ્યા છે પરંતુ હવે જે મૂલ્યો તેમને પાર્ટી માટે કામ કરવા માટે પ્રેરિત કરતા હતા તે ઘટી ગયા છે. કેશવને લખ્યું છે કે, પાર્ટી હાલમાં જે રીતે જોવામાં મળી રહી છે તેનાંથી હું કમ્ફર્ટેબલ નથી. આગળ તેમણે લખ્યું હતું કે, આ જ કારણોસર તેમણે તાજેતરમાં યોજાયેલી રાષ્ટ્રીય સ્તરની પાર્ટી માટેના કાર્યક્રમની જવાબદારી લીધી ન હતી અને ન તો તેણે ભારત જોડો યાત્રામાં ભાગ લીધો હતો. હવે સમય આવી ગયો છે કે તેઓ નવા માર્ગ પર આગળ વધે અને તેથી તેઓ પાર્ટીના પ્રાથમિક સભ્યપદેથી રાજીનામું આપી રહ્યા છે. કેશવને હાલમાં અન્ય કોઈ પક્ષ સાથેના જોડાણ અંગેની વાતને નકારી છે.

સીઆર કેશવને ૨૦૦૧માં કોંગ્રેસનું સભ્યપદ લીધું હતું. આ દરમિયાન તેઓ રાજીવ ગાંધી નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ યુથ ડેવલપમેન્ટના ઉપાધ્યક્ષનું પદ પણ સંભાળતા હતા. સીઆર કેશવને સોનિયા ગાંધીનો આભાર માન્યો અને તેમના પરદાદા સી. રાજગોપાલાચારીનો પણ આભાર માન્યો હતો.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.157

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## ગોધરા તાલુકાની કેટલીક ગ્રામ પંચાયતોને ૧૫માં નાણાંપંચની

# ૧૦ ટકા ગ્રાન્ટ માંથી એક રૂપીયાની પણ નહિં ફાળવતા સરપંચો દ્વારા આયોજન રદ કરવા માંગ




ગોધરા, ગોધરા તાલુકાની કેટલીક ગ્રામ પંચાયતમાં જીલ્લા પંચાયતની ૧૦ ટકા ૧૫માં નાણાંપંચની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. તેમાં કેટલીક ગ્રામ પંચાયતોને એક રૂપીયાની ગ્રાન્ટ ફાળવવામાં આવી ન હોવાથી કેટલાક સરપંચોમાં નારાજગી સાથે તાલુકા પ્રમુખ અને તાલુકા વિકાસ અધિકારીને લેખિતમાં રજુઆત કરી ૧૫માં નાણાંપંચની ૧૦% ગ્રાન્ટ જે તે ગ્રામ પંચાયતને ફાળવવા માંગ કરવામાં આવી છે.

ગોધરા તાલુકામાં આવેલ કેટલીક ગ્રામ પંચાયતોમાં જીલ્લા પંચાયતની ૧૫માં નાણાંપંચની ૧૦ ટકા અને તાલુકા પંચાયતની ૨૦ ટકા ગ્રાન્ટ ફાળવવામાં આવતી નથી. જેને લઈ આવી ગ્રામ પંચાયતોના વિકાસલક્ષી કામોને વેગ મળતો નથી અને ગ્રાન્ટ ન ફળવાતા સરપંચોને અન્યાય થતો હોય તાલુકાની કેટલીક ગ્રામ પંચાયતોને જીલ્લાની ૧૫માં નાણાંપંચની ૧૦ ટકા અને તાલુકા પંચાયતની ૨૦ ટકા ગ્રાન્ટ ફાળવવામાં બાકાત રાખવામાં આવતી હોવાથી આવા અન્યાયના વિરોધમાં સરપંચો દ્વારા તાલુકા પંચાયત પ્રમુખ અને તાલુકા વિકાસ અધિકારીને લેખિતમાં રજુઆત કરવામાં આવતાં રાજકારણ ગરમાયું છે. ગ્રામ પંચાયતોને ગ્રાન્ટ ફાળવવામાં આવતી હોય છે. તે ગ્રામ પંચાયતના હકકની હોય છે તેમજ ગ્રાન્ટ ફાળવવા માટે તાલુકા પંચાયતના ચુંટાયેલા સદસ્યો સાથે ચર્ચા કરવામાં આવતી નથી અને મનમાની રીતે અમુક ગ્રામ પંચાયતોને ગ્રાન્ટ નહિ ફાળવીને ગ્રાન્ટોની ફાળવણી કરી દેવામાં આવતી હોય છે. ત્યારે હાલમાં ૧૫માં નાણાંપંચની તેમજ તાલુકાની ૨૦ ટકા ગ્રાન્ટથી જે પંચાયતોને બાકાત રાખવામાં આવી તેને ફાળવવામાં ન આવે તો કેટલા આયોજનો રદ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

ગોધરા તાલુકાની કેટલીક ગ્રામ પંચાયતોના હકકની મળવાપાત્ર ૧૫માં નાણાંપંચની ગ્રાન્ટની ફાળવણી નહિ કરવામાં આવતાં વિકાસના કામોને અસર પહોંચી રહી છે. જીલ્લા પંચાયત તેમજ તાલુકા પંચાયત દ્વારા ગ્રાન્ટની ફાળવણીમાં વ્હાલા દવલાની નીતિ વાપરવામાં આવતી હોવાથી સરપંચમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

> ૧૫માં નાણાંપંચની ગ્રાન્ટની ફાળવણી નહિ થતા ગ્રામ પંચાયતના વિકાસના કામોને અસર થઈ રહી છે. તેમાં પણ ગ્રાન્ટ ફાળવણીમાં વ્હાલા દવલાની નીતિ રાખવામાં આવતી હોય તેવી સરપંચોની રજુઆત મળી છે. તે અંગે તપાસ કરી આયોજન કરવામાં આવશે.
> **તાલુકા વિકાસ અધિકારી, ગોધરા.**

## SSCઅને HSC બોર્ડની પરીક્ષાને લઈને ખંડ નિરીક્ષકોની તાલીમ શહેરા ખાતે જિલ્લા શિક્ષણાધિકારીની અધ્યક્ષતામાં યોજાઈ

શહેરા,

શહેરા સહિત સમગ્ર જિલ્લામાં ૧૪ માર્ચના રોજ શરૂ થનાર એસ.એસ.સી.અને એચ.એસ. સી.બોર્ડની પરીક્ષાને લઈને ખંડ નિરીક્ષકોની તાલીમ એસ.જે.દવે હાઈસ્કૂલ ખાતે જિલ્લા શિક્ષણાધિકારી જીગ્નેશ પટેલની અદયક્ષતામાં યોજાઇ હતી. બોર્ડની પરીક્ષામાં કઈ રીતે કામગીરી કરવી તેની સંપૂર્ણ માહિતી ખંડ નિરીક્ષકોને આપવા સાથે જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા સહીત સમગ્ર જિલ્લામાં આગામી ૧૪ માર્ચના રોજ ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ ની બોર્ડની પરીક્ષા યોજાનાર છે. જેને લઈને શિક્ષણ વિભાગ દ્વારા તૈયારી શરૂ કરી દેવામાં આવી છે જ્યારે આ બોર્ડની પરીક્ષામાં ફરજ બજાવનાર ખંડ નિરીક્ષકોની તાલીમ શહેરા એસ.જે.દવે હાઈસ્કૂલ ખાતે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના જિલ્લા શિક્ષણાધિકારી જીગ્નેશ પટેલની અધ્યક્ષતામાં યોજાઇ હતી. આ બોર્ડની પરીક્ષામાં ફરજ બજાવનાર સુપરવાઈઝરોને જિલ્લા શિક્ષણાધિકારી જીગ્નેશ પટેલ તેમજ એ.આઇ અને એ.ડી.આઇ દ્વારા જરૂરી સૂચનાઓ આપવા સાથે કઈ રીતે ફરજ બજાવવાની છે અને તેમની શું ભૂમિકા છે તેમજ જો ફરજ દરમિયાન કોઈ ભૂલ થાય તો તેની શું જોગવાઈ છે. તે સહિત જરૂરી માહિતી આપવામાં આવી હતી. જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા બોર્ડની પરીક્ષાની તૈયારીઓ શરૂ કરવા સાથે જિલ્લાના આચાર્યોની પણ મીટીંગ યોજાઈ ગઈ હોય ત્યારે ૧૪ માર્ચ થી શરૂ થતી બોર્ડની પરીક્ષા આપતા પરીક્ષાર્થીઓ ને કોઈપણ જાતની તકલીફ ન પડે તે માટેનું ખાસ ધ્યાન રાખવામાં આવનાર છે.પરીક્ષાના દિવસે વીજ પુરવઠો જળવાઈ રહે અને તબીબી અને ૧૦૮ સેવા સહિતની જરૂરી વ્યવસ્થા કરવામાં આવનાર છે. નોંધનીય છે કે, પંચમહાલ જિલ્લામાં ધો.૧૦ માટે ૩૩ કેન્દ્ર, ૮૭ બિલ્ડીંગ ખાતે અને ૯૪૭ બ્લોક પર કુલ ૨૮,૨૫૨ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેસશે. જ્યારે ધો.૧૨ માટે ૨૧ કેન્દ્ર,૫૬ બિલ્ડીંગ ખાતે ૫૯૮ બ્લોક પર ૧૮, ૪૬૩ વિદ્યાર્થીઓ પરીક્ષામાં આપશે. જિલ્લામાં વિજ્ઞાન પ્રવાહ માટે ૦૨ કેન્દ્ર,૧૦ બિલ્ડીંગના ૧૦૯ બ્લોક પર ૨૧૮૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. આ તમામ પરીક્ષાકેન્દ્રો ખાતે સીસીસીટી રેકોર્ડિંગ સાથે પરીક્ષા લેવામાં આવનાર છે.

## ગોધરા કલરવ હાઈસ્કૂલ ખાતે વિશ્વ માતૃભાષા દિવસ ઉજવણીનો વિલક્ષણ કાર્યક્રમ સંપન્ન

ગોધરા,

પ્રાપ્ત માહિતી મુજબ ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર અને કુમાર આર્ટ્સ ફાઉન્ડેશન ગોધરાના સંયુક્ત ઉપક્રમે વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણીના ભાગરૂપે કવિ સંમેલન સમારોહ અંતર્ગત કાવ્યપઠન સમારોહ કલરવ હાઈસ્કૂલ દાહોદ રોડ વાવડી ગોધરા ખાતે ભારે દબદબાભેર સંપન્ન થયો. આ કાર્યક્રમમાં કલરવ હાઈસ્કૂલના આચાર્ય જયેશ શાહની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો હતો. શરૂઆતમાં કાલિન્દીબેન વેદાંતીએ પ્રાર્થના પ્રસ્તુત કરી હતી. આવેલ મહેમાનઓ અને કવિએ દીપ પ્રાગટ્ય કર્યો હતો. દરમ્યાન મુખ્યમંત્રીનો સંદેશ અને



ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના અધ્યક્ષ ભાગ્યેશ જહાના વિડિઓ સંદેશ પ્રસારિત કર્યા પછી સુભાષ દેસાઈ, વિનોદ ગાંધી અને જયેશ શાહના હસ્તે ડો.જે.એન. શાસ્ત્રીના નવપ્રકાશિત ગ્રંથ પ્રેમચંદજીની સદાબહાર વાર્તાઓના પુસ્તકનું લોકાર્પણ થયું. વિશ્વ માતૃભાષા દિવસના ઉપલક્ષ્યમાં સાહિત્ય સમારોહ કાર્યક્રમના કાવ્યપઠનમાં જાણીતા કવિઓ સર્વ ડો કુમાર જૈમિનિ શાસ્ત્રી, વિનોદ ગાંધી, મોહસીન મીર ''સ્પર્શ'' ગાયત્રીબેન ભટ્ટ અને શ્યામ ઠાકોરે પોતાની ચુનંદા રચનાઓ રજુ કરી હતી. કાર્યક્રમનું સંયોજન અને સંચાલન જાણીતા સાહિત્યકાર ડો. કુમાર જૈમિની શાસ્ત્રીએ કર્યું હતું. આ કાર્યક્રમમાં કોલેજના અધ્યાપકો, સાહિત્ય સંગીત રસિકો, શિક્ષકો, નગરજનો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ સ્થળે મારા હસ્તાક્ષર ગુજરાતીમાં અંતર્ગત ઉપસ્થિત સૌએ પોતાની માતૃભાષામાં હસ્તાક્ષર કર્યા હતા. સમાપન પ્રસંગે રાષ્ટ્રગીતનું સમૂહગાન કરવામાં આવ્યું હતું. માતૃભાષા મહોત્સવ નિમિતે આ કાર્યક્રમની આભાર વિધિ ગોધરાના જાણીતા કવિ મોહસીન મીરે કરી હતી.

## ઝાલોદના ખેડા ગામે ખાટલા અને મળને બનાવી આપતાં સુથારી કામ કરતા વ્યકિતને જીવલેણ ઈજાઓ પહોંચાડી

દાહોદ,

ઝાલોદ તાલુકાના ખેડા ગામે વચલા ફળિયામાં રાત્રીના સમયે ખાટલા તથા હળ બનાવી ના આપવાના મામલે સુથારી કામ કરતા ઈસમને ગાળો બોલી ઉશ્કેરાઈ જઈ મારી નાંખવાના ઈરાદે સુથારી કામ કરનાર ઈસમના માથાના ભાગે ખાટલાના પાયાના લાકડાના બે ફટકા મારી ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચાડતા ગંભીર ઈજાગ્રસ્ત ઈસમને સારવાર માટે માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાનું જાણવા મળ્યું છે.

ઝાલોદ તાલુકાના ખેડા ગામના વચલા ફળિયામાં રહેતા ગજુભાઈ પારસીંગભાઈ ગરાસીયા પરમ દિવસ તા. ૨૧ ફેબ્રુ.ના રોજ રાત્રીના નવેક વાગ્યાના સુમારે તેના ફળીયામાં રહેતા અને સુથારી કામ કરતા તેના કુટુંબના ૨૭ વર્ષીય મજુભાઈ વારજીભાઈ ગરાસીયાના ઘરે જઈ તેને બેફામ બિભત્સ ગાળો બોલી તું મને કેમ ખાટલા તથા હળ બનાવી આપતો નથી. બીજા માણસોને તું જલ્દી બનાવી આપે છે, તેમ કહી એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને મજુભાઈ વારજીભાઈ ગરાસીયાને મારી નાંખવાના ઈરાદે ત્યાં પડેલ ખાટલાના પાયાના લાકડાથી માથાના ભાગે બે ફટકા મારી માથામાં ગંભીર જીવલેણ ઈજા પહોંચાડી જાનથી મારી નાંખવાની ધાકધમકીઓ આપતાં ગંભીર ઈજાગ્રસ્ત મજુભાઈ વારજીભાઈ ગરાસીયાને સારવાર માટે ૧૦૮ મારફતે ઝાલોદ સરકારી દવાખાને ખસેડવામાં આવ્યો હતો.

આ સંબંધે ખેડા ગામના વચલા ફળિયામાં રહેતા ગંભીર ઈજાગ્રસ્ત મદજુભાઈ વારસજીભાઈ ગરાસીયાએ નોંધાવેલ ફરિયાદને આધારે ઝાલોદ પોલીસે ખેડા ગામના વચલા ફળિયાના ગજુભાઈ પારસીંગભાઈ ગરાસીયા વિરૂધ્ધ ઈપીકો કલમ ૩૦૭, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી તેની ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે.

## જાંબુઘોડા પોલીસે આઈસર ટ્રકમાં કત્તલના ઈરાદે લઈ જવાતાં ૧૬ પશુઓ સાથે એક ઈસમને ઝડપ્યો



જાંબુઘોડા,

જાંબુઘોડા પોલીસને બાતમી મળી હતી કે, આઈસર ટ્રકમાં રાજગઢ તરફથી કત્તલના ઈરાદે પશુઓ ભરીને બોડેલી તરફ જનાર છે. તેવી માહિતીના આધારે નાકાબંધી કરી હતી. ટ્રક માંથી ૧૬ પશુઓ સાથે ૧ ઈસમને ઝડપી પાડવામાં આવ્યો. જ્યારે બે ઈસમો નાશી છુટવા પામ્યા.

પ્રાપ્ત વિગતો મુજબ જાંબુઘોડા પોલીસને બાતમી મળી હતી કે, આઈસર ટ્રક નંબર જીજે.૨૭૮.એકસ.૭૫૪૬૬માં રાજગઢ તરફથી જાંબુઘોડા હાઈવે થઈને બોડેલી તરફ જનાર છે. તેવી ચોકકસ માહિતી આધારે જાંબુઘોડા પોલીસે નાકાબંધી કરી હતી. પોલીસની નાકાબંધી જોઈ બે ઈસમો નાશી છુટીયા હતા. જયારે જીગરઅલી જાકિરઅલી મકરાણી (રાજગઢ પાલ્લાના કંડકટરને ઝડપી પાડવામાં આવ્યો. ટ્રકમાંથી ૧૬ પશુઓ ઝડપી પાડવામાં આવ્યા. પોલીસે ૧૬ પશુઓ કિંમત ૩,૨૦,૦૦૦/-, મોબાઈલ ફોન, આઈસર મળી ૮,૨૦,૦૦૦/-રૂપીયાનો મુદ્દામાલ કબ્જે લઈ આ બાબતે જાંબુઘોડા પોલીસ મથકે ફરિયાદ નોંધી ત્રણ ઈસમો મહમંદ અલી દોસ મહંમદ મકરરાણી (રાજગઢ) ઘોઘંબા, સજાદ ઈનાયતઅલી મકરાણી, એકમદઅલી મહંમદઅલી મકરાણી વોન્ટેડ જાહેર કરી ઝડપી પાડવાની તજવીજ હાથ ધરી છે.

## કાલોલના નવાગામ રીંછીયા ખાતેથી કત્તલના ઈરાદે ગોંધી રાખેલ ૧૨ ગૌવંશને વેજલપુર પોલીસે બચાવી

કાલોલ,

કાલોલ તાલુકાના નવાગામ રીંછીયા ગામે ચલાલી રોડ ઉપર ખુલ્લા ખેતરમાં કત્તલના ઈરાદે ગોંધી રાખેલ છે. તેવી બાતમીના આધારે વેજલપુર પોલીસે રેઈડ કરી ૧૨ ગૌવંશને બચાવી લેવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો મુજબ વેજલપુર પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતા. દરમિયાન બાતમી મળી હતી કે, નવાગામ રીછીંયા ગામ ચલાલી રોડ ઉપર ખુલ્લા ખેતરમાં મોહમંદ હનીફ ઉર્ફે જાબર ઝફરીયો તેને કતલ કરવાના ઈરાદે ગૌવંશ ગોંધી રાખેલ છે. તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન ૩-ગાયો, બળદ નંગ-૩, વાછરડું નંગ-૧, વાછરડી નંગ-૧ મળી ૧૨ ગૌવંશ કિંમત ૧,૪૫,૦૦૦/-રૂપીયાને બચાવી લેવામાં આવ્યા. આ બાબતે વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## અણીયાદ પ્રાથમિક શાળા અને કે.જે. પટેલ માધ્યમિક શાળા અણીયાદમાં યોજ્યો ડિજિટલ મેળો અને ઈંગ્લીશ ફેસ્ટ



શહેરા,

શહેરા તાલુકાના અણીયાદ સ્કૂલમાં પ્રથમ ઈન્ફોટેક ફાઉન્ડેશન અને અમૂલના સહયોગથી કોડ ઉન્નતિ પ્રોજેક્ટ હેઠળ ડિજિટલ મેળો અને ઈંગ્લીશ ફેસ્ટ-૨૦૨૩નું આયોજન કરવામાં આવ્યું. બાળકો દ્વારા કોમ્પ્યુટર અને ઈંગ્લિશ શિક્ષણને રસપ્રદ બનાવતા વિવિધતા સભર મોડલનું નિર્માણ કરી પ્રદર્શન યોજવામાં આવ્યું. શાળાના અને બાળકો, ગ્રામજનો અને આમંત્રિત મહેમાનોને બાળકો દ્વારા તમામ પ્રદર્શનની વિસ્તૃત સમજ આપવામાં આવી. આ પ્રસંગે પંચામૃત ડેરીના એમ.ડી. મિતેશ મહેતા જનરલ મેનેજર ડો.પ્રકાશભાઈ અને મેનેજર ડો.મહેશભાઈ, આ શાળાના પ્રિન્સિપાલ તથા પ્રથમ ઈન્ફોટેક ફાઉન્ડેશનની ટિમ તથા શાળા પરિવારના કાર્યને સૌએ બિરદાવ્યું હતું.

## વિધાનસભામાં કોંગ્રેસને નહિ મળે વિપક્ષનું પદ, બજેટ સત્ર પહેલા અધ્યક્ષ દ્વારા નિર્ણય લીધો

ગાંધીનગર,

ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં કારમી હાર બાદ કોંગ્રેસ પાર્ટીને વિપક્ષનું પદ નહિ મળે. આ નિર્ણય વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરી દ્વારા લેવામાં આવ્યો છે. તેમના નિર્ણય મુજબ ગુજરાત વિધાનસભાના સંસદીય નિયમો પ્રમાણે કોંગ્રેસ પાસે પૂરતું સંખ્યાબળ નથી. નિયમ પ્રમાણે ૧૦ ટકા સંખ્યાબળ ફરજિયાત છે. તો સામા પક્ષે વિપક્ષના પદ માટે કોંગ્રેસ દ્વારા મોડી માંગણી કરાઈ હોવાનું સામે આવ્યું છે. થોડા દિવસ પહેલા જ ગુજરાત કોંગ્રેસના પૂર્વ પ્રમુખ અમિત ચાવડાને વિધાનસભાના કોંગ્રેસ દળના નેતા અને ઉપનેતા તરીકે શૈલેષ પરમારને નિયુક્ત કરાયા હતા. અમિત ચાવડાની વિધાનસભા નેતા તરીકે પસંદગી થતા જ કોંગ્રેસ પ્રદેશ કાર્યાલયે તેમના સમર્થકોએ જોરશોરથી ઉજવણી પણ કરી હતી. વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીના નિર્ણયને લઈને કોંગ્રેસના નેતા અમિત ચાવડાએ જણાવ્યું હતું કે સરકારે સત્તાના જોરે નિર્ણયો લીધો છે. કોંગ્રેસ વિપક્ષના પદ મુદ્દે લીગલ ઓપિનિયન લેશું. સાથે જ તેમણે નિયમનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે, બીજા પક્ષને વિપક્ષનું પદ મળે તેવો નિયમ છે. ગુજરાત વિધાનસભામાં વિપક્ષના નેતાનું પદ નહિ મળવા અંગે સી જે ચાવડાએ કહ્યું હતું કે, સરકારે ભલે વિપક્ષના નેતાનું પદ નથી આપ્યું અમે અમારી ભૂમિકા નિભાવીશું. ૧૫૬ બેઠક જીતીને સરકાર અભિમાનમાં આવી ગયું છે. સરકારે વિધાનસભાના નિયમો સ્વીકારી પદ આપવું જોઈએ. અમે સકારાત્મક વિપક્ષ તરીકેની ભૂમિકા નિભાવશું. દરમિયાન ગુજરાત વિધાનસભાના બજેટ સત્રનો આજથી પ્રારંભ થયો હતો અને રાજ્યપાલ એક તરફ ગૃહમાં સરકારના વિકાસ કામોની વાત કરી રહ્યાં હતાં. ત્યાં બીજી તરફ કોંગ્રેસના ધારાસભ્યો વિધાનસભાના પગથિયાં પર ઉભા રહીને સૂત્રોચ્ચાર સાથે સરકારનો વિરોધ કર્યો હતો રાજ્યપાલ આચાર્ય દેવવ્રત વિધાનસભા ગૃહમાં પહોંચ્યા ત્યારે જય શ્રી રામના નારા સાથે તેમનું સ્વાગત કરવામાં આવ્યું. ગૃહની કામગીરી શરૂ થતા રાજ્યપાલે પોતાના સંબોધનમાં કહ્યુંકે, ગુજરાત એટલે ગરબા, ગુજરાત એટલે સાહસ, ગુજરાત એટલે વ્યાપાર, ગરવી ગુજરાત. પાછલા ૨૦ વર્ષોમાં ગુજરાતે સર્વાધિક વિકાસ કર્યો છે. ભારત સરકારે કેન્દ્રિય બજેટ માં રેલવે માટે ૮ હજાર કરોડથી વધુ ની જોગવાઈ કરી છે. જેનાથી ગુજરાતને લાભ થશે. ખાસ કરીને અમદાવાદ સહિત ૮૭ રેલવે સ્ટેશન વિકસિત થશે. વિધાનસભામાં રાજ્યપાલે પોતાના સંબોધનમાં જણાવ્યુંકે, પીએમ મોદીએ અમદાવાદને મેટ્રો ટ્રેન ની ભેટ આપી છે. ગાંધીનગર ને જોડતી વંદે ભારત ટ્રેનની પણ ભેટ આપી. રાજ્ય સરકારે લોકો ની સુવિધા ઓ ને ધ્યાનમાં રાખીને વિકાસ કર્યો એનાથી ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે. સૌનો સાથ સૌના વિકાસ થી ગુજરાત દેશનું મોડલ રાજ્ય બન્યું છે. તમામ પેરા મીટર પર અન્ય રાજ્યો માટે ગુજરાત પથ દર્શક છે. ગુજરાત છેલ્લા ૯ વર્ષથી ડબલ એંજિન સરકારનું સાક્ષી બન્યું છે. ફક્ત ત્રણ મહિનામાં ગુજરાતે રાષ્ટ્રીય રમતોત્સવ નું આયોજન કર્યું. જે દર્શાવે છે કે ગુજરાતની ભૂમિ માં કૈંક ખાસ છે. રાજ્યપાલે જણાવ્યું કે, આ રમતોત્સવના સફળ આયોજન થી ગુજરાત ઓલમ્પિક રમતોત્સવ માટે પણ તૈયાર થઈ રહ્યું છે. પીએમ મોદીના નેતૃત્વમાં ભારતને ૨૨૦ની અધ્યક્ષતા પણ આ વખતે મળી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની આગેવાની માં ગુજરાતમાં ૨૨૦ ની ૧૬ બેઠકો નું આયોજન થઈ રહ્યું છે. માર્ચમાં સુરત, જુનમાં કેવડીયા સહિત અન્ય ૧૩ બેઠકો યોજાશે. ગુજરાત માં ૧૦ લાખ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી નું પ્રશિક્ષણ આપ્યું. પ્રાકૃતિક ખેતી માં ખેડૂતોને રાજ્ય સરકાર ૧૦ હજારની સહાય કરે છે. અત્યાર સુધી ૧ લાખથી વધુ ખેડૂતોને આ સહાય આપી છે.જો કે વિધાનસભા સત્રની શરૂઆતમાં જ કોંગ્રેસ દ્વારા સરકારનો વિરોધ કરવામાં આવ્યો હતો અને વિધાનસભાના પગથિયા પર ઉભા રહીને કોંગ્રેસના ધારાસભ્યોએ સરકારનો સૂત્રોચ્ચાર અને બેનરો બતાવીને વિરોધ કર્યો હતો.

## ૧૫મી ગુજરાત વિધાનસભાના બીજા સત્રના પ્રથમ દિવસે સભ્યોએ દિવંગત પૂર્વ રાજ્યપાલશ્રી અને પૂર્વ ધારાસભ્યોને શ્રધ્ધાંજલિ શોકદર્શક પાઠવી

ગાંધીનગર,

મુખ્યમંત્રીશ્રી અને ગુજરાત વિધાનસભા ગૃહના નેતાશ્રી ભૂપેન્દ્ર પટેલે પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રના પ્રથમ દિવસે શોકદર્શક ઉલ્લેખોમાં વિધાનસભાના દિવંગત પૂર્વ સભ્યશ્રીઓ અને રાજ્યના પૂર્વ રાજ્યપાલશ્રીના દુઃખદ અવસાન અંગે શ્રદ્ધાંજલિ પાઠવી હતી. મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત રાજ્યના પૂર્વ રાજ્યપાલશ્રી ઓમપ્રકાશ કોહલી, પૂર્વ રાજ્યમંત્રી સ્વ. રમણભાઈ ચૌધરી તેમજ પૂર્વ સભ્યો સ્વ. નારણભાઈ કાળીદાસ પટેલ, દાઉદભાઈ મિયાભાઈ પટેલ, સ્વ. મહિપતસિંહ ભાવુભા જાડેજા તથા સ્વ. શ્રી હરેશકુમાર ઈન્દ્રપ્રસાદ ભટ્ટના અવસાન અંગે આ દિવંગત આત્માઓને ભાવાંજલિ આપી હતી. તેમણે પૂર્વ રાજ્યપાલશ્રી ઓમપ્રકાશ કોહલીજીએ ગુજરાતના વિકાસમાં આપેલા માર્ગદર્શન તેમજ દિવંગત પૂર્વ સભ્યોની જાગતિક લોકપ્રતિનિધિ તરીકેની સેવા પરાયણતાનું પૂણ્ય સ્મરણ કર્યુ હતું. વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી તેમજ મંત્રીમંડળના મંત્રીશ્રીઓ, ધારાસભ્યોએ આ સૌ પૂર્વ સ્વર્ગસ્થ વિધાયકોના સમાજ દાયિત્વને બિરદાવ્યુ હતું. સમગ્ર સભાગૃહે બે મિનિટનું મૌન પાળીને દિવંગત આત્માઓની શાશ્વત શાંતિ માટે પ્રાર્થનાકરી હતી.